શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬
1149

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

1159.



આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ.

સ્થાપક—ભારત સેવાશ્રમ સંઘ

શ્રી યશોવિજય જૈન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પૂર્વ આફ્રિકામાં

## ભારતીય સંસ્કૃતિનો પ્રચાર

આજે ભારત સ્વતંત્ર છે. પરંતુ ભારતમાં વસી રહેલી પ્રજાઓના જીવનમાં ખાસ કરીને હિંદુ પ્રજાના જીવનમાં નજર ફેરવતાં એમાં આ સ્વતંત્રતાનો વાસ્તવિક પરિચય યા તો નિર્દેશ લેશ પણ મળતો નથી. અમારા કેટલાક રાષ્ટ્રધુરંધરો અને નેતાઓથી માંડીને તે જનસમુદાય સુધી—અમે બધા જ બધી બાબતોની દોરવણી માટે સાગર પારનાં ઈંગ્લંડ, અમેરીકા, કે રશીયા ઉપર જ આધાર રાખી રહ્યા છીએ. એથી પહેલાં તો અમે આદર્શ અને ભાવનાના ક્ષેત્રમાં માત્ર અંગ્રેજોના જ ગુલામ હતા. પરંતુ કહેવાતી સ્વતંત્રતા પછી આજે તો અમે એ બાબતોમાં અમેરીકન, રશીયન વગેરે તમામ વિદેશી પ્રજાઓની ગુલામી સ્વીકારવા તત્તપરતા બતાવી રહ્યા છીએ. પહેલાં તો માત્ર અંગ્રેજોની ગુલામીની મારફતે જ અમારામાં વિજાતીય ભાવનાઓ ધુસવા પામતી હતી. પરંતુ આજે તો એવી અનેક જાતિઓની સંસ્કૃતિક ગુલામીની મારફતે અનેક પ્રકારની વિજાતીય ભાવનાઓના મોજાં હિંદુ સમાજને આંગણે ઉછાળી આવીને એને તાણી લઈ જાય છે.

હિંદુત્વની અતિ ઉચ્ચ ભાવનાઓ—આર્ય ધર્મ, આર્ય સંસ્કૃતિના આદર્શો અને તેની સાધનાઓ-આજે તો વિલુપ્ત થવા બેઠી છે; હિંદુઓ પોતે જ આજે પ્રત્યક્ષ રીતે એનો વિરોધ કરવા માંડયા છે. પોતાના રત્નભંડારને વિષે માત્ર ઉદાસીનતા જ નહીં પણ મોટે ભાગે અવગણનાની જ ભાવના સેવી રહેલા હિંદુ સંતાનો આજે તો તુચ્છ રજકણોની આશાથી વિદેશીઓ અને વિજાતિઓનું અનુકરણ અને અનુસરણ કરવા ઝંપલાવી પડયા છે. વિદેશીઓ જે વસ્તુની કદર કરે છે તેની જ તેઓ કદર કરતા હોય છે અને વિદેશીઓ જે વસ્તુની અવગણના કરે છે તેઓ પણ તે વસ્તુની વગર વિચારે અવગણના જ કરવા તૈયાર થાય છે. એવી છે આજે હિંદુ સંતાનોની હીન મનોદશા. તેથી જ તો આજે સમગ્ર દુનિયામાં હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિના અમૃતમય સંદેશાઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તેની વ્યવહારિક સાધનાઓના વ્યાપક પ્રચાર અને પ્રસારની આવશ્યકતા ઉભી થઈ છે. બહારની દુનિયામાંથી જ્યારે આ સંદેશાઓની પ્રતિધ્વનિ હિંદુ સંતાનના કાનમાં આવીને પહોંચશે ત્યારે ને ત્યારે જ તેઓ તેની કદર કરવા અને તેને માથે ચઢાવી લેવા તૈયાર તત્પર બનશે. હિંદુ જાતની એ જ પરાનુકરણ વૃત્તિને અનુલક્ષીને જ **સ્વામી શ્રી વિવેકાનંદજીએ** એક વખતે એમ કહ્યું હતું કે—"One blow outside India is worth ten thousand within" —અર્થાત્ કે હિંદુસ્તાન બહારનો એક ફટકો એની અંદરના દશ હજાર ફટકા બરાબર છે ભારતીય ધર્મ તથા સંસ્કૃતિના પ્રચારમાં તેમને પરદેશોમાં જે સફળતા સાંપડી હતી તેનો જ પડઘો ભારતમાં પડવાથી અહીં તેમને અનાયાસે સફળતા મળી હતી.

ભારતસેવાશ્રમ સંઘના સ્થાપક **આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજીની** પ્રેરણાથી આ સંસ્થાની બે પ્રચારક મંડળીએ ગયા થોડા વર્ષ પહેલાં **બ્રહ્મદેશ, મલાયા, સીંગાપુર** આદિ સ્થળોની મુલાકાત લઇ વર્ષો સુધી ત્યાં હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિનો પ્રચાર સારી રીતે કર્યો હતો. પરંતુ ગયા વિશ્વયુદ્ધને લીધે બહારનું પ્રચાર કાર્ય થોડા વર્ષને માટે બંધ રાખવું પડયું હતું.

પરંતુ પરિસ્થિતિ અનુકુળ હોવાથી હવે આ કાર્ય પુનઃ શરૂ કરવાનો નિશ્ચય સંઘ તરફથી કરવામાં આવ્યો છે. **પૂર્વ આફ્રિકામાં** વસતા હિંદુ અધિવાસીઓના આગ્રહ આમંત્રણથી હાલમાં સંસ્થાના દશેક સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓની એક પ્રચારક મંડળીને ત્યાં પ્રચારાર્થે મોકલવામાં આવી હતી. સંસ્થાના પ્રખર અને જાણીતા વકતા અલૌકિક રીતે વાક્‌ધારાને રેડનાર એવા મહાન ઉપદેશક, **સ્વામી શ્રી અદ્વૈતાનંદજીને** આ મંડળીની આગેવાની સોંપવામાં આવી હતી. સ્વામીજી પોતાની અસાધારણ વકતૃત્વ શકિતથી ગયા વીસ વર્ષ સુધી બંગાળ, બિહાર, ઓરિસ્સા, આસામ, સંયુકત પ્રાંત, મધ્ય પ્રાંત, મદ્રાસ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજપુતાના આદિ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોના ગામે ગામમાં અને શહેરે શહેરમાં હિંદુ ધર્મ તથા હિંદુ સંસ્કૃતિનો વિજય ઢંઢેરો વગાડતા વગાડતા અને સંઘ પ્રેરીત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**પૂર્વ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળી. ડાબી બાજુથી બીજે નંબરે આવેલું ચિત્ર આ મંડળના આગેવાન નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીનું છે.**

જાતિસંગઠન આન્દોલનનાં મોજાં ફેલાવતા ફેલાવતા ફરી રહ્યા હતાં. એમની જ યોગ્ય આગેવાની હેઠળ આ પ્રચારક મંડળીએ આફ્રીકા ભણી પ્રયાણ કરી હતી અને ત્યાં જઇને ઘણાં પ્રસંશનીય કાર્યો કર્યાં હતાં. ભારત સરકારના પરદેશ ખાતાના મંત્રી **શ્રી. સી. એસ. ઝાએ**, ભારતના લગભગ બધાં જ પ્રાંતોના ગવર્નરોએ તેમ જ **પ્રધાનોએ**, કોંગ્રેસના માજી પ્રમુખ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે તથા આ સંસ્થાના અન્ય **નેતાઓએ**, બંધારણીય (લોકપ્રતિનિધિ) સભાના પ્રમુખ **શ્રી માવલંકરે** તથા આ સભાના અન્ય સભ્યોએ અને બીજા અનેક દેશનેતાઓએ ભારત સેવાશ્રમ સંઘના વિવિધ રચનાત્મક કાર્યોની ઘણી પ્રસંશા કરી આ પ્રચારક મંડળીની સફળતા ઇચ્છતાં સંદેશાઓ તથા સંસ્થાના પરિચય આપતા પ્રમાણપત્રો મોકલ્યા હતા. કોંગ્રેસ તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજી અનેક સંસ્થાઓ તરફથી આ મંડળીને અભિનંદન અને વિદાયમાન આપવામાં આવ્યું હતું. પૂર્વ આફ્રિકાની મશહૂર સંસ્થા–હિંદુ મંડળ તરફથી પાસપોર્ટ વગેરે મેળવવાની બાબતમાં તથા પ્રચાર કાર્યોની વ્યવસ્થા કરવાની બાબતમાં ઘણી મદદ આ પ્રચારક મંડળીને મળી હતી.

## સુરતમાં વિદાયમાન

સુરતથી ઉપડી જતાં પહેલાં ત્યાંના નાગરિકો તરફથી આ મંડળીને વિદાયમાન આપવામાં આવ્યું હતું. જાણીતા દેશસેવક અને મુંબઈ પ્રાંતીય ધારાસભાના સભ્ય **શ્રી છોટુભાઈ ભાઇદાસ મારફતીયાએ** આ સમારંભનું પ્રમુખસ્થાન લીધું હતું અને શહેરના ઘણા આગેવાનોએ એમાં ભાગ લીધો હતો. ગુજરાત પ્રાંતીય કોંગ્રેસ કમિટિના પ્રમુખ **શ્રી કનૈયાલાલ દેશાઈએ** આ સમારંભમાં અગત્યના કારણસર ભાગ લેવા અસમર્થ થવાથી એક સંદેશો મોકલી આફ્રિકામાં આ મંડળીને સંપૂર્ણ સફળતા મળે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## મુંબઈમાં વિદાયમાન

તા. ૨૮મી મેએ સુરતથી ઉપડીને આ મંડળી મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને પહોંચતા સ્ટેશન પ્લેટફોર્મ ઉપર મુંબઈ પ્રાન્તીય કોંગ્રેસ કમિટિના પ્રમુખ, મંત્રી તથા સ્વયંસેવક સેવિકાઓની એક ટુકડીએ મંડળીનું સ્વાગત કર્યું હતું.

તા. ૨૯મીએ મુંબઈના નાગરિકો તરફથી આ મંડળીને વિદાયમાન આપવા માટે વૈષ્ણવાચાર્ય **શ્રી દીક્ષિતજી મહારાજના** પ્રમુખપદે **શ્રી માધવબાગમાં** એક વિરાટ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના જવાબમાં આ મંડળીના નેતા **સ્વામીશ્રી અદ્વૈતાનંદજીએ** કહ્યું હતું કે—વિસ્તાર એ જ જીવન અને સંકોચ એ જ મૃત્યુ છે. હિંદુસ્તાન જ્યારથી કૂર્મવૃત્તિ ધારણ કરીને એટલે કે કાચબાની માફક આત્મસંકોચ કરી જેમ તેમ કરીને સ્વરક્ષણ કરવું તેમાં જ પોતાના જીવનની સાર્થકતા માનતું થઈ ગયું હતું ત્યારથી જ એના અધઃપતનની શરૂઆત થઈ હતી. આત્મરક્ષણની સાથે સાથે આત્મવિસ્તારની કંખના–એનું જ નામ સાચું જીવન. પ્રાચીન યુગની જેમ આ યુગમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ભારતના સાધુ સન્યાસીઓએ ભારતીય ધર્મ, ભારતીય દર્શન અને ભારતીય સંસ્કૃતિના અમર સંદેશાઓને જગતના ખુણેખુણામાં પ્રચાર કરવાની જવાબદારી પોતાને માથે ઉપાડી લેવાની તત્પરતા દાખવવી જોઇએ.

તા. ૩૦મીએ મુંબઈ પ્રાંતીય કોંગ્રેસ કમિટિ તરફથી આ મંડળીને વિદાયમાન આપવા સારૂ એક વિરાટ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભનું પ્રમુખપદ મુંબઇ પ્રાંતીય સમિતિના પ્રમુખ **શ્રી એસ. કે પાટીલે** લીધું હતું. શ્રી પાટીલે એ પ્રસંગે કહ્યું હતું કે હિંદુસ્તાન જ્યારે પરાધીન હતું તે વખતે પણ દુનિયાભરમાં ભારતીય ધર્મ, દર્શન અને સંસ્કૃતના પ્રચારકાર્યમાં **સ્વામી શ્રી વિવેકાનંદજી** વગેરે પ્રચારકોને જ્યારે ઘણી સફળતા મળી હતી, ત્યારે ભારત સ્વતંત્ર થયા પછી આજે જે પ્રચારક મંડળી એવા કાર્યને માટે વિદેશ તરફ જઇ રહી છે તેને તેથીય વધારે સફળતા મળી જશે એમાં લેશ પણ સંદેહ નથી.

**સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ** એના જવાબમાં કહ્યું હતું કે— સ્વતંત્ર ભારત તરફથી આજે જેવી રીતે જુદા જુદા દેશમાં પોતાના રાષ્ટ્રદૂતોને મોકલવામાં આવે છે તેવી જ રીતે સાંસ્કૃતિક દૂતોને પણ મોકલવા જોઇએ. એનું કારણ એ છે કે એક માત્ર ભારતીય સંસ્કૃતિ જ દુનિયાને આજની અશાંતિઓ અને ઝઘડાઓમાંથી ઉગારી લઇને એને શાંતિનો માર્ગ બતાવી શકે છે.

તા. ૩૧મીએ પણ મુંબઈની કેટલીક બીજી સંસ્થાઓ તરફથી આ મંડળીને વિદાયમાન આપવામાં આવ્યું હતું. ભારત સેવાશ્રમ સંઘના પ્રમુખ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજે** પણ કલકત્તાથી એક તારના સંદેશા દ્વારા મંડળીને આશીર્વાદ આપ્યો હતો.

તા. ૪થી જુને આ મંડળી મુંબઈથી આફ્રીકા તરફ ઉપડી ગઇ હતી.

## આ મંડળીને મળેલા પ્રખ્યાત દેશનેતાઓના અભિનંદનો તેમજ પરિચયપત્રો :—

[ ૧ ]

**ઓલ ઇન્ડીયા કોંગ્રેસ કમીટી ઓફિસ ન્યૂદિલ્હીથી તા. ૮ : મે : ૧૯૪૮ને દિને ઇસ્ટ આફ્રિકન ઇન્ડિઅન નેશનલ કોંગ્રેસના પ્રમુખ પર લખેલ પત્ર:—**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રી એસ. જી. અમીન**, પ્રેસીડન્ટ,

ઈસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ, નાઇરોબી, કેનિયા કોલોની.

વ્હાલા સાહેબ,

ભારત સેવાશ્રમ સંઘ તરફથી ઈસ્ટ આફ્રિકામાં સંસ્કૃતિનો સંદેશ પહોંચાડવા એક મિશન આવે છે. **ભારત સેવાશ્રમ સંઘે આ દેશમાં સુંદર સેવાકાર્ય** કર્યું છે. આશા રાખવામાં આવે છે કે આ સંસ્થા ત્યાં અને તે પણ ખાસ કરીને હિન્દીઓમાં સંસ્કાર સિંચન કરશે. મિશનને આપનાથી બનતી મદદ આપશો તો આભારી થઈશ.

(સહી) રાજેન્દ્રપ્રસાદ
કોંગ્રેસ પ્રેસિડન્ટ.

ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીચેના સદ્‌ગૃહસ્થો ઉપર પણ અનુરૂપ પત્રો લખ્યા હતા :-

(૧) પ્રમુખ શ્રી, થીઓસોફીકલ સોસાયટી, મોંબાસા.
(૨) માનદ મંત્રી શ્રી, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન એસોસીએશન, યુગાન્ડા.
(૩) શ્રી ડી. એન. અંજારીઆ, એડવોકેટ, પ્રમુખ, હિંદુ મંડળ.
(૪) માનદ મંત્રી શ્રી, ટાંગાનીકા ઇન્ડિયન નેશનલ એસોસીએશન, દાર-એસ-સલામ.
(૫) વ્યવસ્થાપક શ્રી, ડેઇલી ક્રોનીકલ, નાઇરોબી.
(૬) વ્યવસ્થાપક શ્રી, આફ્રિકન સ્ટાન્ડર્ડ, નાઇરોબી.

[ ૨ ]

પં. નહેરુ પરિચાલિત મિનિસ્ટ્રીં ઓફ એકસટર્નલ એફેર્સ એન્ડ કોમનવેલ્થ રીલેશન્સ (સી. આર. રીંગ) ન્યૂ દિલ્હી તરફથી તા. ૮ : મે : ૧૯૪૮ ને દિવસે સરકારના પૂર્વ આફ્રિકા ખાતેના ટ્રેડ કમિશ્નર પર લખાયેલ પત્રઃ-

**સરદાર સાહેબ સંગતસિંહ,**

ઇન્ડિયા ગવર્નમેન્ટ ટ્રેડ કમિશ્નર ઈન ઈસ્ટ આફ્રિકા, મોમ્બાસા.

**મારા વ્હાલા સરદાર સાહેબ,**

**ભારત સેવાશ્રમ સંઘ** તરફથી **સ્વામી અદ્વૈતાનંદજી અને અન્ય**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સભ્યો ધર્મ અને સંસ્કૃતિના પ્રચારાર્થે ઇસ્ટ આફ્રિકા આવે છે. આવી બાબતમાં કામ કરતી સંસ્થાઓમાં ભારત સેવાશ્રમ સંઘ એ એક અગ્રગણ્ય સંસ્થા છે. પશ્ચિમ બંગાળના વડા પ્રધાન ડૉ. બી. સી. રોય અને ડૉ. શ્યામ પ્રસાદ મુકરજીએ સ્વામી અદ્વૈતાનંદજીના મિશનની ભારે તારીફ કરી છે. ઓફીસની રૂએ અમે તેમની જાહેરાત કરતા નથી, પરંતુ હિન્દ સરકારને એમ લાગે છે કે ઇસ્ટ આફ્રિકાની હિંદી જનતામાં ધર્મ અને સંસ્કૃતિની બાબતમાં ઘણું કામ કરવાની જરૂર છે. આપ તેઓને તેમના કાર્યમાં જરૂરી એવી સહાય અને સગવડ પૂરી પાડશો તો અમને ઘણી ખૂશી થશે.

(સહી) સી. એસ. ઝા, ઓ. બી. ઈ., આઇ. સી. એસ.
જોઈન્ટ સેક્રેટરી.

[ ૩ ]

બિહારના ગવર્નર શ્રી એમ. એસ. અણેનો શુભેચ્છાઓ દર્શાવતો પત્રઃ–

ગવર્નમેન્ટ હાઉસ, રાંચી, ૧૮ મી મે, ૧૯૪૮.

પૂજ્ય સ્વામીશ્રી અદ્વૈતાનંદજી,

આપનો તા. ૧૧મી મેનો પત્ર મળ્યો. ભારત સેવાશ્રમ સંઘના સંન્યાસીઓની એક ટુકડી સંસ્કૃતિપ્રચારકાર્ય માટે બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા જવા માગે છે એ જાણી અતિ આનંદ થાય છે. તે તેમની સાથે સમસ્ત હિંદની શુભેચ્છાઓ લઇ જશે એમાં મને જરાયે શંકા નથી મને પૂર્ણ આશા છે કે તમારૂં મંડળ પૂર્વ આફ્રિકામાં હિન્દ વતી જે નિસ્પૃહ પ્રયાસો કરશે તેથી પૂર્વ આફ્રિકા અને હિન્દ વચ્ચે સારો સબંધ બંધાશે અને ફળદાયક પરિણામ આવશે. આ બંને દેશો વચ્ચે સદ્દભાવ સાધનારા દરેક પ્રશંસનીય પ્રયાસોમાં આપના મંડળને સંપૂર્ણ ફ-તેહ મળે એમ ઇચ્છું છું.

આપનો,
(સહી) એમ. એસ. અણે,
બિહારના ગવર્નર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૪ ]

બંગાળના વડા પ્રધાન શ્રી બી. સી. રોયે કલકત્તાથી
તા. ૩ : મે : ૧૯૪૮ ને દિને લખેલ પત્રઃ-

ભારત સેવાશ્રમ સંઘના પ્રતિનિધિઓ ઈસ્ટ આફ્રિકા ખાતે મિશનના કામ માટે જઈ રહ્યા છે. બંગાળમાં અને હિન્દમાં પણ તેઓ ઘણું સારૂં કામ કરે છે. તેઓને તેમના કાર્યમાં સગવડ આપવામાં આવશે તો હું અત્યંત આભારી થઇશ.

(સહી) બી. સી. રોય,
પ્રાઈમ મીનીસ્ટર.

[ ૫ ]

હિન્દ સરકારના હુન્નરોદ્યોગ અને પૂરવઠા ખાતાના અમાત્ય
શ્રી શ્યામાપ્રસાદ મુકરજીએ ન્યુ દિલ્હીથી તા. ૭ : મે :
૧૯૪૮ને દિવસે લખેલ પત્રઃ-

સ્વામી અદ્વૈતાનંદજીના નેતૃત્વ હેઠળ ભારત સેવાશ્રમ સંઘ તરફથી એક મંડળ—હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રચાર કરવા ઇસ્ટ આફ્રિકા કે જે ભૂમિ હિન્દ સાથે આર્થિક તેમ જ રાજનૈતિક રીતે સદા સંકળાએલી છે — જાય છે તે જાણીને મને અત્યંત આનંદ થાય છે. ભારત. સેવાશ્રમ સંઘ હિંદભરમાં એક સુવિખ્યાત સંસ્થા છે અને તેણે પોતાની સામાજિક અને લોકકલ્યાણકારી અથાગ સેવાઓથી છેલ્લાં ત્રણચાર દાયકાઓ થયાં લોકોના મન અને ભાવના પર ઠીકઠીક પ્રભાવ જમાવ્યો છે. હું નિઃશંક રીતે કહું છું કે ઈસ્ટ આફ્રિકામાં આ મિશન સામાજિક તેમ જ ધાર્મિક બાબતોમાં સામાન્ય હિન્દી જનતામાં જ નહિ પણ સાથે સાથે બીજા લોકોમાં પણ સુંદર કામગીરી કરી શકશે. ભારતભૂમિનો સાંસ્કૃતિક સંદેશ પરદેશ પહોંચાડનાર આ મિશનને તેના સાહસ કાર્યમાં હું હરેક રીતે ફ-તેહ વાંચ્છું છું, અને મને વિશ્વાસ છે કે તેથી કરીને હિન્દ અને ઈસ્ટ આફ્રિકાના લોકો વચ્ચે પરસ્પર મમત્વ,બુદ્ધિ, અને મિત્રભાવના વધુ ગાઢ બનશે.

(સહી) શ્યામાપ્રસાદ મુકરજી,
મીનીસ્ટર ફોર ઇન્ડસ્ટ્રી એન્ડ સપ્લાય.
ઈન્ડીઆ ગવર્નમેન્ટ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ ૬ ]

## હિંદુસ્તાનની મધ્યસ્થ ધારાસભાના પ્રમુખ શ્રી જી. વી. માવલંકરનો શુભેચ્છા દર્શાવતો પત્રઃ-

૧૬, મહારાષ્ટ્ર સોસાયટી, એલીસ બ્રીજ, અમદાવાદ,
તા. ૨૦ મી મે, ૧૯૪૮.

વ્હાલા સ્વામીજી,

સમગ્ર જગત સાથે ભારતનો સંસ્કૃતિક સંબંધ સ્થાપવાની ઘણી આવશ્યકતા છે. પ્રચારકોની યોગ્યતા ઉપર જ આ કાર્યની સફળતાનો આધાર રહેલો છે. મારી માન્યતા એવી છે કે આપની આગેવાની હેઠળની એ પ્રચારક મંડળી આ ઉદ્દેશ પાર પાડવામાં સફળ નીવડશે.....

આપનો,
(સહી) જી. વી. માવલશંકર

[ ૭ ]

ભારત સરકારના વેસ્ટ ઇન્ડીઝના હાઇકમીશ્નર શ્રીયુત સત્યચરણે પૂર્વ આફ્રિકાના ઇન્ડીયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ **શ્રી એસ. જે. અમીનને** લખેલ પ્રત્રઃ-

મારા વ્હાલા શ્રી અમીન,

આથી હું તમોને સ્વામી શ્રી અદ્વૈતાનંદજી મહારાજની ઓળખાણ કરાવું છું. સ્વામીજી ભારત સેવાશ્રમ સંઘના સંન્યાસી ડેલીગેશનની સાથે નેતા તરીકે **આવે છે. ભારત સેવાશ્રમ સંઘ હિંદની એક મહાન સંસ્થા છે કે જે સેવા, વિશ્વબંધુત્વ અને જનસમાજના સાંસ્કૃતિક ઉત્થાન માટે જનસમાજ સાથે ગાઢ ગ્રંથિથી જોડાએલી છે. હું માનું છું કે તેઓનો પૂર્વ આફ્રિકાનો પ્રવાસ ત્યાંની હિંદી પ્રજા કે જે હિન્દ સંસ્કૃતિના વિકાસ માટે ઉત્સુક છે—તેને માટે ઘણોજ કિંમતી નિવડશે.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારાથી બનતી સઘળી મદદ આપશો. વળી તેમને યુગાન્ડા અને ટાંગાનિકાની અગ્રગણ્ય વ્યક્તિઓના સમાગમમાં લાવશો તો હું આપનો આભારી થઇશ.

ભલી ઇચ્છાઓ સહિત—
આપાનો પરમ સ્નેહી,
(સહી) સત્યચરણ, હાઇકમીશ્નર, વેસ્ટ ઇન્ડીઝ,
ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીઆ.

શ્રી સત્ય ચરણે એ મુજબ પત્ર નાઇરોબીના ગાંધી–ટાગોર લેકચરશિપ સોસાયટીના માનદ મંત્રી શ્રી ડી. વી. કપિલા ઉપર પણ લખ્યો હતો.

[ ૮ ]

મુંબઈના વડા પ્રધાન શ્રી બી. જી. ખેરે મુંબઇથી
તા. ૧૫–૫–૧૯૪૮ને દિવસે લખેલ પત્ર :—

નિસ્બત ધરાવનાર સૌ જોગ,

ભારત સેવાશ્રમ સંઘના પ્રતિનિધિઓ જેઓ મિશનના કામ અર્થે ઇસ્ટ આફ્રિકા જઇ રહ્યા છે તેઓને આ પત્ર લખી આપું છું. મને જાણવા મળ્યું છે કે પ્રસ્તુત મંડળ આ દેશમાં ઘણું સારૂ કામ કરે છે,અને તેઓને તેમના કામમાં જોઇતી સાધન–સગવડ મળશે તો મને ખુશી થશે.

(સહી) બી. જી. ખેર,
પ્રીમિયર, મુંબઈ.

## મોમ્બાસામાં પ્રચાર

તા. ૧૭ મી જુને આ મંડળી પૂર્વ આફ્રિકાના કેનિયા રાજ્યના મોમ્બાસા બંદરે પહોંચી ગઈ હતી. સ્ટીમર મોમ્બાસા પહોંચતાં જ પૂર્વ આફ્રિકાના ભારતીય ટ્રેડ કમિશ્નર શ્રી સંગતાસહ, હિંદુ યુનિયનના પ્રમુખ શ્રી ટી. જે. ઈનામદાર, પાટીદાર સમાજના પ્રમુખ શ્રી સી. એચ. પટેલ, આર્ય સમાજના પ્રમુખ શ્રી એન. બી. જોશી, ઇાન્ડયન એસોસિએશનના મંત્રી શ્રી આર. બી. પટેલ, તથા ત્યાંના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અન્ય ભારતીય આગેવાનોએ આ મંડળનો ભવ્ય આદરસત્કાર કર્યો હતો. તા. ૧૮ મીએ સ્થાનિક હિંદુ યુનિયનના ઉદ્યોગથી એક વિરાટ સભા બોલાવવામાં આવી હતી જેમાં યુનિયનના પ્રમુખ શ્રી ટી. જે. ઈનામદારે ભારત સેવાશ્રમ સંઘનો પરિચય આપ્યો હતો અને સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ "ભારતીય સંસ્કૃતિનો આદર્શ" વિષે એક પ્રેરક પ્રવચન આપતાં કહ્યું હતું કે— આફ્રિકા પ્રવાસી ભારતના નાગરિકો પ્રત્યે અમારી જે ફરજ છે મુખ્યત્વે તે ફરજ બજાવવા માટે જ ભારત સેવાશ્રમ સંઘ તરફથી આ મંડળને મોકલવામાં આવ્યું છે. આજે દુનિયા સમક્ષ ભારતીય સંસ્કૃતિનો પરિચય આપવાનો વખત આવી ગયો છે. અને તેને માટે ખાસ આવશ્યકતા પણ ઉભી થઈ છે. વર્તમાન પરિસ્થિતિમાં એક માત્ર ભારતીય સંસ્કૃતિના ઉદાર આદર્શના પ્રચારથી જ દુનિયામાં શાંતિની સ્થાપના થઈ શકે એમ છે. એ દૃષ્ટિએ પણ આ સંસ્કૃતિક પ્રતિનિધિ મંડળની આફ્રિકાની સફર અગત્યની છે." સ્થાનિક આગેવાનો તરફથી બોલાવવામાં આવેલી બીજી બે સભાઓમાં પણ સ્વામીશ્રીએ પ્રેરક પ્રવચનો કર્યા હતાં.

તા. ૨૦ મીએ મહાત્મા ગાંધીજીની ભસ્મ દર્શનને ટાણે સ્વામીજીએ "ગાંધીજીના જીવન" વિષે મનનીય પ્રવચન કર્યું હતું.

## ઝાંઝીબારમાં પ્રચાર

તા. ૨૨ મીએ મંડળી ઝાંઝીબાર દ્વીપમાં પહોંચતાં સ્થાનિક હિંદુ યુનિયન તરફથી મંડળીના સ્વાગત માટે આર્ય સમાજ હોલમાં બોલાવવામાં આવેલી એક વિરાટ સભામાં સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ "સ્વતંત્ર ભારતનો સંદેશ" વિષે એક જુસ્સાદાર ભાષણ આપ્યું હતું.

## — દારેસલામમાં પ્રચાર —

ત્યારપછી મંડળી ટાંગાનિકા પ્રદેશની રાજધાની દારેસલામ પહોંચતાં તા. ૨૪મી જુને ત્યાંના હિંદુ મંડળ તરફથી દેવકુમાર આર્ય કન્યાશાળાના હોલમાં બોલાવવામાં આવેલી એક વિરાટ સભામાં સ્વામીજીએ "ભારતીય સંસ્કૃતિની વાણી" વિષે એક મનનીય તેમ જ પ્રેરક પ્રવચન કર્યું હતું. બીજે દિવસે ગાંધીજીના ભસ્મ દર્શનની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



દારેસલામના મિત્રવગ સાથે સ્વામી શ્રી અદ્વૈતાનંદજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સભામાં સ્વામીજીએ "ગાંધીજીના જીવનનો આદર્શ" વિષે પ્રવચન કર્યું હતું. તા. ૨૬મીએ **સનાતન ધર્મ સભામાં** સ્વામીજી "આત્મજ્ઞાન" વિષે બોલ્યા હતા. તા. ૨૮ મીએ "સ્વતંત્ર ભારતના યુવાનોનું કર્તવ્ય" વિષે અને તા. ૨૯ મીએ "જાતિ અને સમાજના સંગઠનમાં ગૃહસ્થાઓનો ફાળો" વિષે સ્વામીજીનાં બે પ્રેરક પ્રવચનો થયાં હતાં. તા. ૩૦મી એ સનાતન ધર્મ સભા તરફથી **શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં** બોલાવવામાં આવેલી સભામાં સ્વામીજીએ "હિંદુ ધર્મની મહત્તા" વિષે પ્રવચન કર્યું હતું. તા. ૧ લી તથા ૨ જી જુલાઇએ આર્ય કન્યાશાળામાં "હિંદુઓના સામાજિક જીવનનો આદર્શ" તથા 'હિંદુ સમાજનું સંગઠન" વિષે બે પ્રવચનો કર્યાં હતાં. તા. ૩ જીએ સનાતન ધર્મ સભા તરફથી બોલાવવામાં આવેલી સભામાં "હિંદુત્વની પુનઃ પ્રતિષ્ઠા" સંબંધમાં સ્વામીજીએ એક પ્રેરક ભાષણ આપ્યું હતું. બીજે દિવસે **સંન્યાસ આશ્રમમાં** પૂજા તથા આરતિના અનુષ્ઠાનો રાખી "આનુષ્ઠાનિક હિંદુત્વ" વિષે સ્વામીજી બોલ્યા હતા. ત્યારપછી **આર્યસમાજ વ્યાયામશાળામાં** "વ્યાયામ અને બ્રહ્મચર્ય" વિષે અને બીજે દિવસે **શિખ ગુરૂદ્વારમાં** "ભારતીય સંસ્કૃતિ અને સભ્યતામાં શિખ સમ્પ્રદાયનો ફાળો" વિષે સ્વામીજીનાં પ્રવચનો થયાં હતાં. તા. ૮ મીએ સ્વામીજી "ભારતીય સંસ્કૃતિમાં જૈન સંપ્રદાયનો ફાળો" વિષે બોલ્યા હતા. તા. ૯ મીએ સનાતન ધર્મ સભાના હોલમાં **થિઓસોફિકલ સોસાયટી** તરફથી બોલાવવામાં આવેલી સભામાં "બ્રહ્મ વિદ્યા" વિષે સ્વામીજીએ એક વિદ્વત્તાપૂર્ણ ભાષણ આપ્યું હતું. તા. ૧૦ મીએ એ જ હોલમાં **સનાતન ધર્મ સભા** તરફથી આ સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળને એક **માનપત્ર** આપવામાં આવ્યું હતું.

તા. ૧૧ મીએ **સોસીયલ સર્વીસ લીગ** તરફથી **મિનરવા ટોકીઝ હોલમાં** બોલાવાયેલી સભામાં સ્વામીજીએ "માનવ જીવનની સફળતાનો માર્ગ" તથા "વર્તમાન સભ્યતા" વિષે અનુક્રમે અંગ્રેજી તથા હિંદીમાં બે જુસ્સાદાર પ્રવચનો કર્યાં હતાં. તા. ૧૪ મીએ **શંકર આશ્રમમાં શાંતિ યજ્ઞનું** અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ઝાંઝીબારમાં ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજી મહારાજ એક વિરાટ માનવમેદની સમક્ષ પ્રવચન કરતા દેખાઈ રહ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## —લીન્ડીમાં પ્રચાર—

તા. ૧૧ મીએ સ્વામીજી હવાઈ માર્ગે લીન્ડી પહોંચી ગયા હતાં અને ત્યાં પહોંચતાં જ તેમણે ઉપસ્થિત થયેલા એક વિરાટ મેદની સમક્ષ "યુગધર્મ" વિષે એક મનનીય પ્રવચન કર્યું હતું. બીજે દિવસે તેમનું "મનઃ સંયમ" વિષેનું ભાષણ થયું હતુ.

## —મીકેન્ડીમાં પ્રચાર—

તા. ૧૫ મીએ મીકેન્ડી જઈ બે જનસભામાં સ્વામીજીએ ભાષણો કર્યાં હતાં. તા. ૧૬ મી તથા ૧૭ મીએ સ્વામીજી ત્યાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તા ૧૭ મીએ સ્વામીજી ફરીથી લીન્ડીમાં પાછા આવીને એક જાહેર સભામાં બોલ્યા હતા.

## —બીજી વખતે ઝાંઝીબારમાં—

ઝાંઝીબારના પ્રવાસી ભારતીય નાગરિકોના આમંત્રણથી મંડળી ફરીથી ઝાંઝીબાર પહોંચી ગઈ અને તા. ૨૦મી જુલાઈએ ત્યાંના હિંદુ યુનિયન કલબમાં "વર્તમાન યુગમાં ગુરુવાદની આવશ્યકતા" વિષે, તા. ૨૧ મી તથા ૨૨ મીએ "યુગ ધર્મ" વિષે, તા. ૨૩ મીએ "હિંદુ ધર્મની વિશેષતા" વિષે મંડળીના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ પ્રવચનો આપ્યાં હતાં. ત્યારપછી તા. ૨૬ મીએ તે જ સ્થળે પૂજા, આરતિ, તથા સામુદાયિક પ્રાર્થનાના અનુષ્ઠાનો રાખી આ અનુષ્ઠાનોની અગત્યતા વિષે સ્વામીજી બોલ્યા હતા. તા. ૨૭ મીએ "હિંદુ ધર્મની મહત્તા" તેમ જ "હિંદુ સમાજનું સંગઠન" વિષે પ્રવચનો થયાં હતાં.

તા. ૩૧ મીએ સ્થાનિક ઈન્ડિયન એસોસીએશનના આશ્રયે માનનીય એમ. એલ. સી., મી. ફઝરનવસેર એચ. માવજી સાહેબના પ્રમુખપદે એક વિરાટ સભા ભરાઈ હતી જેમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તિ વગેરે તમામ ભારતવાસીઓની હાજરીમાં "સ્વતંત્ર ભારતનો સંદેશો" વિષે પ્રવચન કરતા. સ્વમીશ્રીએ ઉપથિત ભારતવાસીઓને ભારત રાષ્ટ્રના જવાબદાર ઇજ્જતઆબરૂદાર અને માનવંત નાગરિક બનવાની હાકલ કરી હતી. પ્રમુખ સાહેબે કહ્યું હતું કે— 'વિદેશીઓના કુચક્ર અને પ્રપંચને પરિણામે ભારત વિભક્ત થયું છે અને વખત જતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભારતીય મુસ્લીમ સંપ્રદાયના લોકોમાં ખરૂ સ્વદેશપ્રેમ પ્રગટી ઉઠતાં તેઓ આ ભારતવિભાગની ભૂલ સમજી જશે અને ત્યારે વિભક્ત ભારત ફરીથી અખંડ બનશે."

## ટાંગામાં ભારતીય સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

મંડળી ત્યાંથી ટાંગા જઇ પહોંચતાં સ્થાનિક પ્રવાસી ભારતવાસીઓ તરફથી તેનું સ્વાગત થયું હતું. તા. ૧૫ મી ઓગસ્ટે ત્યાં ભારતીય સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઘણા જ ધામધૂમથી થઇ હતી. સવારે **રામ મંદિરમાં** ભારતની રાષ્ટ્રીય સ્વતંત્રતા કાયમ રહે એ માટે **સમૂહ પ્રાર્થના** રાખવામાં આવી હતી. સાંસ્કૃતિક મિશનના નેતા **સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ** એ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે— "રાષ્ટ્રની સાચી એકતા તો એવી જાતની સામુદાયિક પ્રાર્થનામાંથી જ ઉત્પન્ન થઇ શકે છે; તેથી જ મહાત્માજી સામુદાયિક પ્રાર્થના ઉપર ખૂબ ભાર મુકતા હતા." ત્યાર પછી હિંદુ ક્લબના મેદાનમાં સ્વતંત્રતા ઉત્સવ કમીટી તરફથી બોલાવાયેલી એક વિરાટ સભામાં મજકુર કમીટીના પ્રમુખે રાષ્ટ્રધ્વજનું વંદન કર્યા પછી સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ "સ્વતંત્રતાનું તાત્પર્ય" વિષે બોલતાં જણાવ્યું હતું કે—"મહાત્માં ગાંધી લાલા લાજપતાય, સ્વ. ગોખલે; મહામાન્ય તિલક, પંડિત નહેરૂ, નેતાજી સુભાષચંદ્ર જેવા અનેક મહાન નેતાઓએ તેમ જ અન્ય અનેક મૂક નિઃસ્વાર્થ કાર્યકર્તાઓએ સ્વતંત્રતાને માટે જે ફાળો આપ્યો છે અને જે દુઃખ કષ્ટો ભોગવ્યા છે તેમને ભારત કયારેક ભુલી શકે તેમ નથી. ભારતવાસીઓ દુનિયાના ગમે તે સ્થળમાં કેમ ન રહેતા હોય, પણ ત્યાં તો તેમણે સ્વતંત્ર ભારત રાષ્ટ્ર પ્રત્યે વફાદારીના સોગંદ લઇ ઐક્યની ભાવનાને જાળવી રાખવાની પ્રતિજ્ઞા લેવી પડશે. એને માટે જરૂર જણાતા આત્મબલિદાન આપવાની પણ તત્પરતા દાખવવી પડશે" ત્યારપછી "વંદે માતરમ્", "જય હિંદ", "સ્વતંત્ર ભારતકી જય" વગેરે ધ્વનિઓ સાથે સ્વામીજીને તથા સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળીના બીજા સભ્યોને શિખ ગુરૂદ્વાર તથા આર્યસમાજ મંદિરમાં લઇ જવામાં આવ્યું હતું અને ત્યાં પણ સ્વતંત્રતા દિવસની ઉજવણીને અંગે સ્વામીશ્રીના વ્યાખ્યાન તેમ જ અન્ય અનુષ્ઠાનો રાખવામાં આવ્યા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એજ દિવસે સાંજે હિંદુ કલબના વિશાળ મેદાનમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તિ, અરેબીયન, આફ્રિકન, અંગ્રેજ વગેરે તમામ નાગરિકો એકત્રિત થયા હતા. સ્વતંત્રતા ઉત્સવ કમીટીના પ્રમુખ શ્રી મનુભાઈ દેશાઇએ આ સભાનું પ્રમુખપદ લીધું હતું. સ્વયંસેવકો તથા સ્વયંસેવિકાઓએ ડ્રીલ તેમ જ વ્યાયામ પ્રયોગો બતાવ્યા હતા. સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ એ પ્રસંગે એક જુસ્સાદાર અને પ્રેરક ભાષણ આપી ઉપસ્થિત ભારતવાસીઓને સ્વતંત્રતાના તાત્પર્યને સમજી તે રીતે વર્તવા માટે હાકલ કરી હતી. તે વખતના કોંગ્રેસના પ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદ પાસેથી તે વખતે સ્વામીજીને જે પત્ર મળ્યો હતો તે આ સભામાં વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તેનો સારાંશ નીચે મુજબ હતો :—

વ્હાલા સ્વામીજી,

આપ કૃપા કરી પૂર્વ આફ્રિકામાં વસતા ભારતવાસીઓને મારી શુભેચ્છા અને અભિનંદન પહોંચાડશો? અમે સ્વદેશમાં રહીએ છીએ છતાં પરદેશમાં રહેલા ભારતવાસીઓ હમેશાં અમારી નજીકમાં જ રહે છે; કારણ કે ત્યાં ગયા તેથી તેઓ અમારા સગાસંબંધીઓ મટી ગયા નથી. અમે હમેશાં જ તેમના સુખે સુખી અને દુઃખે દુઃખી થઇએ છીએ. પરમાત્માની કૃપાથી મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ અમોએ સ્વતંત્રતા મેળવી છે. એ સ્વતંત્રતા અમોએ બીજા કોઈપણ સાધન કરતાં શ્રેષ્ઠ સાધનરૂપી અમારી નૈતિક શક્તિને પ્રતાપે જ મેળવી છે. અને ગમે ત્યાં આપણે રહીશું તો પણ એ જ નૈતિક શક્તિ આપણને બધાયને સુખી થવામાં અને બીજાઓને સુખી બનાવવામાં મદદ કરશે."

(સહી) રાજેન્દ્રપ્રસાદ

## — મોરોગોરોમાં જન્માષ્ટમીનો ઉત્સવ —

ટાંગાનું પ્રચાર કાર્ય પૂરૂં કર્યા પછી મંડળી મોરોગોરો આવી પહોંચી હતી. ત્યાંના હિંદુ મંડળ તરફથી બોલાવાતી દરરોજની સભામાં ત્યાંના પ્રવાસી ભારતવાસીઓ સારી સંખ્યામાં હાજરી આપતા હતા. મંડળીના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ અહીં "હિંદુ સમાજનું સંગઠન", "યુગ ધર્મ", "ભારતીય સંસ્કૃતિનો આદર્શ" વગેરે વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. તા. ૨૭ મી ઓગષ્ટે મંડળી તરફથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળીને ટાંગાના વિમાન મથકમાં વિદાયમાન અપાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. સવારે મોટે મળસ્કે સામુદાયિક પ્રાર્થના થઇ હતી અને આખો દિવસ ભજન કીર્તનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્રણ વખત પાર્થસારથી સુદર્શનધારી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા તથા ગુરુપૂજા વગેરે થઇ હતી.

સાંજે ચાર વાગે સ્થાનિક કલબના મેદાનમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તિ વગેરે ત્યાંના તમામ પ્રવાસી ભારતવાસીઓ એક વિરાટ સભામાં ભેગા મળ્યા હતા. જેમાં સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ અંગ્રેજીમાં પ્રવચન આપતાં જગતની વર્તમાન પરિસ્થિતિ અને સમસ્યાઓનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે—વર્તમાન યુગ વિપ્લવનો યુગ છે. પરંતુ વિપ્લવ બે પ્રકારના છે; તેમાંથી એક છે ઉદ્દેશ અને લક્ષ્ય વગરનો અને જે બીજા પ્રકારનો છે તેનો ઉદ્દેશ અને લક્ષ્ય નિશ્ચિત હોય છે. પહેલા પ્રકારનો વિપ્લવ ધ્વંશ આણે છે અને બીજા પ્રકારનો વિપ્લવ સંગઠનાત્મક, રચનાત્મક છે અને તે ધ્વંશમાંથી નવીન સૃષ્ટિનું નિર્માણ કરે છે. જગતમાં આજે પહેલા વર્ગના ઉદ્દેશહીન અને લક્ષ્યહીન વિપ્લવીઓની જ બોલબાલા ચાલી રહી છે અને તેઓ દુનિયાને ધ્વંશ તરફ ધસડી લઈ જઈ રહ્યા છે. સ્વતંત્ર ભારતમાં આજે એવા એક દળ આદર્શવાદી, સંગઠનવાદી વિપ્લવીઓનો ઉદ્ભવ થઈ રહ્યો છે કે જેઓ જગતને શાંતિ અને નવીન રચનાનો માર્ગ બતાવવાને માટે સમર્થ છે. સ્વતંત્ર ભારતનો એ વિપ્લવ ખરેખર તેના આત્મકલ્યાણને માટે તેમ જ જગતના કલ્યાણને માટે જ સર્જાઈ રહ્યો છે.

સાંજે ૬ વાગે પાર્થસારથી, સુદર્શધારી શ્રીકૃષ્ણ ભગવાનની તેમ જ ભારત સેવાશ્રમ સંઘના સ્થાપક યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજની સુસજ્જિત મૂર્તિઓ સાથે એક વિરાટ સરઘસ ત્યાંના સરિયામ રસ્તા ઉપર થઈને બહાર કાઢવામાં આવ્યું હતું, જેમાં શહેરના તમામ હિંદુ નાગરિકોએ—સ્ત્રી, પુરૂષ, બાળક, વૃદ્ધ, યુવાન, વિદ્યાર્થી વગેરે તેમ જ આફ્રિકનોએ પણ ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો.

રાત્રે ૮ વાગે સુદર્શનધારી શ્રીકૃષ્ણ ભગવાનની આરતિ શસ્ત્રાસ્ત્રો અને વીરનૃત્યોની સાથે ઘણી આકર્ષક રીતે કરવામાં આવી હતી અને લાઠી, ખંજર, યુયુત્સુ વગેરે શૂરાતન ભરેલા વ્યાયામપ્રયોગો પણ બતાવવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યા હતા. આરતિ અને વ્યાયામપ્રયોગ પછી સ્વામીજીએ શ્રીકૃષ્ણ ભગવાનના જીવન વિષે બોલતાં કહ્યું હતું કે—: શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સમગ્ર જીવનમાં દુષ્ટ, દુરાચારી અને અત્યાચારી અસુરોનો નિકંદન કાઢી ન્યાય, નીતિ અને ધર્મની સ્થાપના કરી ગયા છે. પરતંત્ર ભારતમાં અમે શ્રીકૃષ્ણ ભગવાનની એ લીલા કથાઓને સાવ વિસરી ગયા હતા. આજે સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રમૂર્તિ, અને ધર્મસામ્રાજ્યના નિર્માતા શ્રીકૃષ્ણ ભગવાનનું દિવ્ય જીવન અને કાર્ય અમોને સર્વને પ્રેરણા આપે અને માર્ગદર્શન કરાવે, આજે તેમની પાસે અમારી એવી જ આજીજી ભરી પ્રાર્થના છે." શાંતિયજ્ઞ અને પ્રસાદની વહેંચણી થયા પછી મોડી રાત્રે ઉત્સવનું કાર્ય પૂરૂં થયું હતું.

## ડેડોમામાં પ્રચાર.

મોરોગોરોના પ્રચારકાર્યો પૂરા કર્યા પછી મંડળી ડેડોમામાં પહોંચતાં જ ત્યાંના હિન્દુ મંડળના આગેવાનો અને સ્વયંસેવકો તેમ જ અન્ય સ્થાનિક અગ્રગણ્ય નેતાઓએ સ્ટેશનમાં મંડળીને ભવ્ય આવકાર આપ્યો.

પ્રતિનિધિ મંડળના નેતા **સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ** અહીંના હિંદુ મંડળના આશ્રય હેઠળ 'ભારતીય સંસ્કૃતિનાં જુદાં જુદાં પાસાંઓ" "ભારતીય નાગરિકોનાં કર્તવ્યો" "યુવક આંદોલનનો આદર્શ" વગેરે વિષયો ઉપર પ્રવચનો કર્યા.

**સ્થાનિક હિંદુઓ તરફથી** તા. ૫મી સપ્ટેમ્બરે **આપવામાં આવેલા એક અભિનંદનના જવાબમાં** સ્વામીજીએ કહ્યું હતું કે– "ભારતવાસીઓ જ્યારે પૈસા કમાવાને માટે વિદેશમાં આવે છે ત્યારે તેમને ઘણી બાબતોમાં ફાયદો તો જાણે મળે જ છે; પરંતુ તેની સાથે સાથે તેમને કેટલીક બાબતોમાં નુકસાન પણ પહોંચે છે તેમાં પણ શંકા નથી. વિદેશમાં આવીને તેઓ ઘણે વખતે ભુલી જાય છે કે સ્વદેશ, સ્વસમાજ, સ્વધર્મ અને સ્વસંસ્કૃતિ પ્રત્યે તેમણે વફાદારી રાખવી જોઇએ અને એ બાબતોમાં તેમની જે ફરજો છે તેનું યથાયોગ્ય પાલન કરવું જોઇએ. તેમ કરતા ભૂલી જવાથી જ તેમનામાં નૈતિક અધઃપતન આવી જાય છે અને પોતાના આદર્શોને તેઓ ગુમાવી બેસે છે. ભારત પરતંત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ડોડોમા હિંદુ મંડળના કાર્યકર્તાઓની સાથે સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળી

હતું ત્યારે જે થયું તે થયું પરંતુ હવે સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે પોતાનો પરિચય આપવાની યોગ્યતા બધાએ પ્રાપ્ત કરવાની આવશ્યકતા ઉભી થઇ છે. તેમણે યાદ રાખવું જોઇએ કે તેમની કોઈ પણ વર્તણુંકથી સ્વતંત્ર ભારતની પ્રતિષ્ઠાને જો કોઈ પણ આંચકો લાગે તો તેને માટે તેઓ જ જવાબદાર ગણાશે." અંતમાં સ્વામીજીએ ત્યાંના હિંદીઓને પોતાના હિતોનું રક્ષણ કરવા માટે સંગઠિત થઈ જવાની વિનંતિ કરી હતી અને તેની સાથે સાથે ત્યાંના નેટીવોના હિતોને પણ ધ્યાનમાં રાખીને કાર્ય કરવાની આવશક્તા છે તે પર પણ ભાર મુકયો હતો.

## ટબોરામાં પ્રચાર

૧૧–૯–૪૮ તારીખે મંડળી ટબોરા પહોંચતાં સ્ટેશન ઉપર અહીંના હિંદુમંડળ, હિંદી નવજવાન સંઘ તથા અન્ય સંસ્થાઓ તરફથી એનો ભાવભીનો સત્કાર થયો હતો.

સ્થાનિક હિંદુ મંડળ તરફથી લોહાણા મહાજનની વાડીમાં પ્રચાર-કાર્યની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરરોજ ત્રણ વખતે ભજનકીર્તન, આરતિ અને સાંજે ૫ થી ૬ સુધી બહેનોને માટે પ્રવચન તેમ જ રાત્રે ૮॥ થી ૧૦॥ સુધી જાહેર પ્રવચન વગેરેના ભરચક કાર્યક્રમો રાખવામાં આવ્યા. સ્વામીજીએ અહીં " ભારતીય સંસ્કૃતિનો આદર્શ ", " યુગધર્મ " "હિંદુ સંગઠન", "હિંદુ ધર્મની ખૂબીઓ", " ગીતા રહસ્ય " વગેરે વિષયો ઉપર પ્રવચન કર્યાં હતાં.

તા. ૧૮–૯–૪૮ ને દિવસે અહીંના અંગ્રેજો, ગ્રીકો, સ્વાહીલીઓ, આરબો, મુસ્લીમો અને હિંદુઓની એક સામાન્ય સભામાં સ્વામીજીએ અંગ્રેજીમાં એક જુસ્સાદાર પ્રવચન કર્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે–" આજે દુનિયામાં બે પ્રકારના લોકો નજરે પડે છેઃ એક તો આસુરી માનવો અને બીજા આધ્યાત્મિક માનવો. આજે દુનિયામાં આસુરી માનવોની બોલબાલા ચાલી રહી છે. ઐહિક સ્વાર્થને ખાતર આધુનિક વૈજ્ઞાનિક શક્તિનો તેઓ દુરૂપયોગ કરી રહ્યા છે અને તેથી દુનિયામાં અશાંતિની જ્વાલા વ્યાપી રહી છે. ન્યાય, નીતિ અને ધર્મને આ લોકોએ વ્યક્તિગત, સામાજિક તેમ જ રાષ્ટ્રીય જીવનમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ડોડોમાના નાગરિકોની સાથે સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિસર્જન જ કરી નાંખ્યા છે. આજે મહાત્મા ગાંધીજીએ રાજકારણ સાથે ધર્મનો સુમેળ સાધવાનો પ્રયત્ન કર્યો છે. ધર્મ વિનાનું રાજકારણ કયારેય સાચી શાંતિની પ્રતિષ્ઠા કરવામાં સફળ નીવડે તેમ નથી. તેને માટે તો આધ્યાત્મિક આદર્શોને અનુસરીને જ ચાલવું જોઇએ. સ્વતંત્ર ભારત તરફથી આજે અમે દુનિયાને એ જ સંદેશો સંભળાવવા માગીએ છીએ.” સ્વામીજીના પ્રવચન પછી એક સ્વાહીલી શિક્ષક ભાઈએ કહ્યું હતું કે “ભારત સાથે આફ્રિકાનો સંબંધ તો ઘણો જ જુનો છે. સ્વામીજીના પ્રચારથી એ સંબંધ આજે ફરીથી તાજો થાય છે. ભારતીય સંસ્કૃતિમાંથી આફ્રિકાની પ્રજાઓએ ઘણું લેવાનું રહેશે.”

અહીંની ઇન્ડિયન પબ્લીક સ્કુલની મુલાકાત પણ સ્વામીજીએ લીધી હતી અને વિદ્યાર્થીઓ સમક્ષ “ભારતનો આદર્શ વિદ્યાર્થી કેવો હોવો



ટબોરામાં શાંત યજ્ઞ

જોઈએ.” એ વિષે ગુજરાતી ભાષામાં ટુંકું તેમ જ મનનીય પ્રવચન કર્યું હતું.

તા. ૨૧-૯-૪૮ને દિવસે અહીં વૈદિક શાંતિ યજ્ઞ રાખવામાં આવ્યો હતો જેમાં દરેક હિંદુ નરનારીએ આહુતિ અર્પી સ્વતંત્ર ભારતની ઉન્નતિ અને પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## શિન્યાંગામાં ગાંધી જયંતી.

સ્વતંત્ર ભારતના રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજી પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે આફ્રિકામાં આવેલ પૃથ્વીની મોટામાં મોટી હીરાની ખાણ જ્યાં છે તે શિન્યાંગા શહેરમાં પ્રવાસી હિન્દુ ભાઈ બ્હેનોની એક મોટી સભા તા. ૩૦–૯–૪૮ ને દિવસે મળી હતી.

ભારત સેવાશ્રમ સંઘ તરફથી પૂર્વ આફ્રિકામાં આવેલું ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળ પ્રચારને અંગે એ સમયે અહિં હાજર હતું. સભામાં મુખ્ય વક્તા તરીકે સાંસ્કૃતિક મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજી મહારાજે તેમના પ્રવચન દરમ્યાન ગાંધીજીના નૈતિક સંયમ અને બ્રહ્મચર્યમય જીવનની વિશેષતાનું અવલોકન કરાવતા તેમંજ તેમણે સાધેલા રાજનીતિ સાથે ધર્મનીતિના સમન્વયની કદર અને પ્રસંશા કરી હતી.

મહાત્માજીએ હિંદુ સમાજના સુધારા માટે ઉપાડેલાં આંદોલનો—"હરિજન આંદોલન, મંદિર પ્રવેશાધિકાર, મદ્યનિષેધ," વગેરે વિષેનાં તેમનાં મહાન મહાન કાર્યોની પણ સ્વામીજીએ ઘણી પ્રસંશા કરી હતી.

## શાંતિ યજ્ઞ

તા. ૨–૧૦–૪૮ ના દિવસે સંઘના પ્રતિનિધિ મંડળ તરફથી સ્થાનિક હિંદુ મંડળના હોલમાં એક સાર્વજનિક શાંતિ યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. આજુબાજુમાં વિવિધ કર્મક્ષેત્રોમાં કામ કરતા તમામ હિન્દુ ભાઈ બ્હેનોએ આવીને એ અનુષ્ઠાનમાં ભાગ લીધો હતો.

યજ્ઞની શરૂઆતમાં સ્વામીજીએ યજ્ઞનો ઉદ્દેશ અને જરૂરિયાતની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે યજ્ઞ (હવન) એક માત્ર ભારત ભૂમિનું સૌથી પ્રાચીન અને સાર્વજનિક અનુષ્ઠાન છે. અને એ અનુષ્ઠાન દ્વારા જ હિન્દુ સમાજ પરસ્પર સંગઠિત, શક્તિશાળી અને દિગ્વિજયી થયો હતો. વર્તમાન સમયમાં હજારો પ્રકારની ભયંકર યાતનાઓથી પાડાતા એ હિંદુ સમાજના પુનઃ સંગઠન માટે તેમ જ તેને આત્મરક્ષા અને દિગ્વિજયની પ્રેરણા આપવાને માટે એ જ રીતે સાર્વજનિક વૈદિક યજ્ઞોનાં અનુષ્ઠાન દેશમાં સર્વત્ર કરવાં જરૂરી છે. યજ્ઞની પૂર્ણાહુતિ સમયે બધાંએ એકી સાથે ભારત રાષ્ટ્રના કલ્યાણ માટે અને પોતાની સંસ્કૃતિની રક્ષાને માટે સંકલ્પો લઇ આહુતિ આપી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મ્વાન્ઝામાં શ્રી દુર્ગા પૂજા તેમ જ હિંદુ સંમેલન

તા. ૯-૧૦-૪૮, તા. ૧૦-૧૦-૪૮ તથા તા. ૧૧-૧૦-૪૮ ને દિવસે મ્વાન્ઝામાં ભારતીય સંસ્કૃતિક પ્રતિનિધિ મંડળી તરફથી શ્રી દુર્ગાપૂજા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને એ પ્રસંગે એક વિરાટ હિંદુ સંમેલન પણ ભરાયું હતું. સંઘના બ્રહ્મચારીઓએ જાતે જ શ્રી દુર્ગા માતાની એક વિરાટ મૂર્તિ ઘડી હતી સ્થાનિક એક શ્રીમંત શેઠના મકાનના વિરાટ ચોગાનમાં એ માટે સુસજ્જિત મંડપો બંધાયા હતા. સમગ્ર પૂર્વ આફ્રિકાના જુદે જુદે સ્થળેથી પ્રવાસી હિંદુ ભાઈ બહેનોએ ટ્રેન, સ્ટીમર, મોટર તેમ જ વિમાન મારફતે ઘણી મોટી સંખ્યામાં આવીને આ ઉત્સવ તેમ જ હિંદુ સંમેલનમાં ભાગ લીધો હતો. એ પ્રસંગે શ્રી દુર્ગા માતાની પૂજા, વીર નૃત્ય અને શસ્ત્રાસ્ત્રોથી આરતિ, શ્રી ગુરૂપૂજા. શ્રી ચંડીપાઠ, યજ્ઞ, ભજન કીર્તન, વ્યાખ્યાન, પ્રસાદની વહેંચણી, વ્યાયામના પ્રયોગો વગેરે જુદા જુદા આકર્ષક તેમ જ પ્રેરક કાર્યક્રમો રખાયા. હતા. જેમાં હિંદુઓ ઉપરાંત આફ્રિકનો તેમ જ યુરોપિયનો પણ ભાગ લેતા હતા.

તા. ૯મીના હિંદુ સંમેલનનું પ્રમુખપદ પ્રાદેશિક હિંદુ યુનિયનના પ્રમુખ **શ્રી હરિલાલ એમ. સંઘવીએ** લીધું હતું. પ્રમુખશ્રીએ પોતાના અભિભાષણમાં કહ્યું હતું કે—"વર્તમાન યુગને માટે સૌથી ઉપયોગી સંદેશ અને શકિતનો જ સંદેશ એ શકિતનો સંદેશ છે. ભારત સેવાશ્રમ સંઘના આદ્ય સ્થાપક **સ્વામી શ્રી પ્રણવાનંદજીએ** એથી જ ઘોષણા કરી ગયા છે કે **જે ધર્મ શક્તિ નથી આપતો, જે ધર્મના આચરણથી મનુષ્યના દેહ-મન-પ્રાણમાં વીજળીની તાકાત ઝળકી નથી ઉઠતી, તે ધર્મ નથી-હિંદુ ધર્મ તો નથી જ.** આજે ધર્મને નામે જે કંઈ ચાલી રહ્યું છે તે સાચો ધર્મ નથી. સાચો ધર્મ તે હોત તો અમારામાં એટલી બધી દુર્બળતા ને કાયરતા આવવા ન પામત"

મંડળીના નેતા **સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ** કહ્યું હતું કે—"શ્રી દુર્ગા માતા એ ભારત રાષ્ટ્રની જ પ્રતિમૂર્તિ છે. અન્યાય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



સંઘના બ્રહ્મચારીઓએ તૈયાર કરેલી શ્રી દુર્ગામૂર્તિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યાચારોનું નિવારણ કરીને ન્યાય અને નીતિની પ્રતિષ્ઠા કરવી એ હિંદુ ધર્મનું શિક્ષણ છે અને એ જ ભારતીય રાષ્ટ્રનો આદર્શ છે. એક રાષ્ટ્રને માટે જે ચાર પ્રકારની શક્તિની આવશ્યક્તા રહે છે તે ચારે ચાર પ્રકારની શક્તિ એટલે કે જ્ઞાનશક્તિ, ધનશકિત, ક્ષાત્રશક્તિ અને જનશક્તિનો સમાવેશ આ શ્રી દુર્ગા પ્રતિમાની અંદર જોવામાં આવે છે. સરસ્વતી જ્ઞાનશકિતનું, લક્ષ્મી ધનશકિતનું, કાર્તિક ક્ષાત્રશકિતનું અને ગણપતિ જનશકિતનું પ્રતિક છે. આ ચારેય શકિતના સમન્વય રૂપી શ્રી દુર્ગા તેથી જ એક પરિપૂર્ણ રાષ્ટ્રની પ્રતિમૂર્તિ છે. શ્રી દુર્ગાની આરાધના કરીને નવીન ભારત એ ચારેય પ્રકારની મહાશકિતની બક્ષિસ માંગી લે તો જ આ પૂજાની સાર્થકતા થાય છે." સ્વામી શ્રી પરમાનંદજીએ શ્રી દુર્ગા દેવીની લીલા વિષે એમ કહ્યું હતું કે "દૈવી સંસ્કૃતિ જ્યારે આસુરિક સંસ્કૃતિથી દબાઇ જાય છે ત્યારે જ શ્રી દુર્ગા દેવીનું પ્રાગટય થાય છે અને ફરીથી દૈવી સંસ્કૃતિનો જયજયકાર થાય છે. આજે સમગ્ર દુનિયામાં આસુરી સંસ્કૃતિની બોલબાલા ચાલી રહી છે. અને ભારતીય દૈવી સંસ્કૃતિના પ્રચાર વડે અમે જો આ આસુરિક સંસ્કૃતિના પ્રભાવથી જગતને મુકત કરવા માટે પ્રયત્ન કરીશું તો જ શ્રી દુર્ગાદેવીનો આશીર્વાદ અમને પ્રાપ્ત થશે."

બીજે દીવસે **શ્રી શિવાભાઇ પટેલ** અને ત્રીજે **દિવસે શ્રી રાઘવજીભાઇ કાનજીભાઇએ** પ્રમુખસ્થાન લીધાં હતાં. **શ્રી જે. એન. પાંડયા, શ્રી ગીરધરલાલ સંઘવી, શ્રી. કૃપાલજી, શ્રી. એમ. ડી. આચાર્ય** વગેરે વકતાઓએ આ સંમેલનમાં પ્રવચનો કર્યા હતાં. સંમેલનમાં (૧) ભારત સરકારને તેમજ ભારતીય જનતાને સમગ્ર જગતમાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે પ્રચારકો મોકલવા માટે વિનંતિ કરતા, (૨) ભારત રાષ્ટ્રના અગ્રગણ્ય નેતાઓના સમર્થનથી અને શ્રી ભારત સેવાશ્રમ સંઘના ઉદ્યોગથી જે ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળીને આફ્રિકામાં મોકલવામાં આવી છે તે માટે એ નેતાઓનો તેમ જ સંઘનો આભાર માનતા તેમ જ (૩) આફ્રિકા સાથે સાંસ્કૃતિક સંબંધને કાયમ રાખવા માટે બન્ને દેશવાસીઓને વિનંતી કરતા ત્રણ ઠરાવો સમેલનમાં પસાર થયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી વિજયાદશમીને દિવસે શ્રી દુર્ગા પ્રતિમાના વિસર્જન માટે એક વિરાટ સરઘસ કાઢવામાં આવ્યું હતું અને ખૂબ ધામધૂમથી તેને વિકટોરિયા સરોવરમાં પધરાવવામાં આવી હતી.



**શ્રી દુર્ગામૂર્તિના વિસર્જન માટે જે સરઘસ કાઢવામાં આવ્યું હતું તેનું એક દ્રશ્ય**

**કંપાલામાં પ્રચાર.**

ઓકટોબર મહિનાના ત્રીજે અઠવાડિયે ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળી પૂર્વ આફ્રિકાના યુગાન્ડા પ્રદેશની રાજધાની કંપાલામાં આવી પહોંચતાં ત્યાંનાં જીનવાળાઓ, વેપારીઓ, ડોકટરો, વકીલો તથા અન્ય હિંદીઓ તરફથી બનેલી સ્વાગત સમિતિએ મંડળીનો ભવ્ય સ્વાગત સત્કાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્યો હતો. ત્યાંના સનાતન ધર્મ મંડળ તરફથી મંડળીની બધી જરૂરીયાતો પૂરી પાડવામાં આવી હતી અને મંડળીના પ્રચાર કાર્યની બધી વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ મંડળીના રહેઠાણ માટે પોતનો બંગલો આપ્યો હતો.

સ્થાનિક સરકારી હિંદી પ્રાથમિક વિદ્યાલયના ચોગાનમાં ડોકટર એમ. એમ. પટેલના પ્રમુખપદે ત્યાંની પ્રથમ સભા ભરાઈ હતી જેમાં જેમાં મંડળીના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજી મહારાજે "ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ" વિષે મનનીય તેમજ પ્રેરક પ્રવચન કર્યું હતું ત્યારથી દરરોજને માટે સ્વામીજીના પ્રવચનો જુદે જુદે સ્થળે અને જુદી જુદી સંસ્થાઓમાં ચાલુ રહ્યાં હતાં.

સ્વામીજીએ વેપારીઓની એક સભામાં પ્રવચન દરમ્યાન કહ્યું હતું કે:—"પ્રાચીન કાળમાં ભારતના વેપારીઓજ ભારતીય ધર્મ અને સંસ્કૃતિના સંદેશાને લઈને વિદેશમાં ફરતા હતા અને વેપારની સાથે સાથે ત્યાંના લોકોમાં તેનો પ્રચાર પણ કરતા હતા. આફ્રિકામાં આવેલા મિશ્રર દેશમાં જે સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થયો હતો તેમાં ભારતીય વણિક સમાજનો ફાળો ઓછો ન હતો. ભારતના વેપારીઓ શઠતા કે છળ પ્રપંચનો આશરો કયારેય લેતા ન હતા પોતાની સચ્ચરિત્રતા અને ન્યાય નીતિને આધારે જ તેઓ દૂર દૂરના દેશોમાં વેપાર કરતા હતા. સિર્ફ આફ્રિકામાં જ નહિ બલ્કે ફીજી, સુમાત્રા, જાવા, બોર્નીઓ, ફિલિપાઈન્સ, અમેરિકા વગેરે સ્થળોમાં પણ તેઓ ભારતીય ધર્મ તથા સંસ્કૃતિનો ઝંડો લઈને ફરતા હતા. માત્ર સાધુ સંન્યાસીઓ જ નહિ બલ્કે ભારતના વેપારીઓ પણ તે વખતે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરતા હતા. **પરાધીનતાના જમાનામાં અમારા નૈતિક અધ:પતનનો લાભ લઈને વિદેશીઓએ અમારા સમાજ જીવનની નસેનસમાં જે અનીતિ અને દુર્નીતિઓને ઘુસાડી દીધી હતી, આજે અમે તેનું જ ફળ ભોગવી રહ્યા છીએ.** આજ સુધી જે અનીતિને અમે પોષતા આવ્યા છીએ હવે તેને દૂર કર્યા વગર ચાલે જ નહિ. આજે ભારત સ્વતંત્ર છે. અનીતિઓને સાંખી લેવાથી હવે સ્વતંત્ર ભારતની પ્રતિષ્ઠા અને મર્યાદામાં હાનિ પહોંચશે. કોઈપણ દેશની પ્રતિષ્ઠા આનમર્યાદા તે દેશની જનતાના ચારિત્રબળને આધારે જ થાય છે ને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કંપાલામાં વિદ્યાર્થીનીઓની સભામાં સ્વામીજી ભાષણ આપે છે.

જળવાય છે. દેશમાં કે પરદેશમાં દરેક ઠેકાણે સ્વતંત્ર ભારત રાષ્ટ્રની સઘળી જવાબદારીઓ માથે લઈને અને તેની પ્રતિષ્ઠાને જાળવી રાખીને જ વસવું જોઈએ. બાહ્ય દૃષ્ટિએ અમે સ્વતંત્ર થયા છીએ પરંતુ આંતરિક મુક્તિ એટલે કે દાસમનોવૃત્તિમાંથી મુક્તિ મેળવવાની હજી બાકી રહી છે. ન્યાય અને નીતિ એ છે ભારત રાષ્ટ્રનો અણમોલ આદર્શ—પરંતુ આજ સુધી એ આદર્શને અમે પ્રાપ્ત કરી શકયા નથી. રાષ્ટ્રના આદર્શથી વિમુખ બનવું એ મહાપાપ છે. સ્વતંત્ર થયા પછી ભારતને સ્વધર્મ અને સ્વસંસ્કૃતિ પ્રત્યે શ્રદ્ધાશીલ બનવું જોઈએ. ભારતની સ્વતંત્રતા અને ઇંગ્લાંડ, અમેરિકા અને રશિયા વગેરે દેશની સ્વતંત્રતા વચ્ચે આસમાન જમીનનો ફરક છે. ભારત રાષ્ટ્રના સનાતન આદર્શથી અમે કદીય ભ્રષ્ટ ન થઈએ એ જ અમારે માટે અને સમગ્ર જગતને માટે ઇષ્ટ છે."

દેશની વર્તમાન સંકટમય પરિસ્થિતિને અનુલક્ષીને સ્વામીજીએ કહ્યું હતું કેઃ—દેશમાં જ્યારે લાખો નરનારી ભૂખથી પીડાતાં ને રસ્તામાં રખ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કંપાલામાં ગુરુ નાનક જયંતિ વખતે સ્વામી શ્રી અદ્વૈતાનંદજી ભાષણ કરી રહ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કંપાલાના મિત્રો તથા ભકતો સાથે ભારતીય સાંસ્કૃતિક મિશનના સભ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્તા હોય છે ત્યારે તેની વિકટ પરિસ્થિતિમાં ખાસ વિચારપૂર્વક પૈસા ખર્ચવાની જરૂર છે. અત્યારે જેવી રીતે પૈસાનો દુરૂપયોગ થઈ રહ્યો છે, ભારતનો ધનિક સંપ્રદાય ક્યારેય એવી રીતે પૈસાનો દુરૂપયોગ કરતો ન હતો. કુટુંબના પોષણ માટે જોઈએ એટલા પૈસા તેઓ પોતાની પાસે રાખતા હતા અને બાકીના પૈસા તેઓ સમાજ અને રાષ્ટ્રની સેવાના કાર્યમાં મુક્ત હસ્તે ખર્ચ કરતા હતા. મહાત્મા ગાંધીજી પણ આ જમાનામાં ભારતના ધનિકોને એ જ સનાતન આદર્શને અનુસરીને ચાલવા કહી ગયા છે."

ગુરુનાનક જયંતિને પ્રસંગે સ્વામીજીએ અહીંના શિખ ગુરુ દ્વારામાં એક જુસ્સાદાર અને પ્રેરક પ્રવચન કર્યું હતું અને શિખ સંપ્રદાયને સ્વધર્મ, સ્વસંસ્કૃતિ, સ્વદેશ અને સ્વરાષ્ટ્રના રક્ષણને માટે હરહંમેશ તૈયાર રહેવા વિનંતિ કરી હતી. સ્થાનિક વિદ્યાર્થિનીઓની એક સભામાં પણ સ્વામીજીએ પ્રવચન કરતાં વિદ્યાર્થિનીઓના જીવનના આદર્શ વિષે એમને સચોટ ખ્યાલ આપ્યો હતો.

કંપાલાને કેન્દ્ર રાખીને સ્વામીજી અને તેમની મંડળીના બીજા પ્રચારકોએ મસાકા મ્બારારા, બાકા, એન્ટેબે વગેરે સ્થળોમાં પણ સારૂં પચાર કાર્ય કર્યું હતું.

## બુકોબામાં પ્રચાર

તા. ૨૬-૧૦-૪૮ ને દિવસે બુકોબા બંદરમાં ત્યાંના ઇન્ડિયન એસોસીએશનના આશ્રય હેઠળ એક સભા ભરાઈ હતી જેનું પ્રમુખપદ પૂર્વ આફ્રિકાના **ભારતીય હાઇ કમિશનર શ્રી આપ્પા સાહેબ બી. પંતે** લીધું હતું. સાંસ્કૃતિક મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ એ પ્રસંગે પ્રવચન કરતાં કહ્યું હતું કેઃ—ભારતના સ્વતંત્ર થતાંની સાથે સાથે જ આ દેશમાં વસતા પ્રવાસી ભારતવાસીઓ પણ આપ મેળે જ એક અભિનવ રાજનૈતિક તથા સાંપ્રદાયિક પરિસ્થિતિની અંદર મુકાઈ ગયા છે. **આ સંકટમય પરિસ્થિતિમાં ભારતરાષ્ટ્ર તરફથી પૂર્વ આફ્રિકામાં ભારતીય રાષ્ટ્રદૂતનું આગમન અહીંના પ્રવાસી ભારતવાસીઓને માટે એક મહાન આશ્વાસન રૂપ થઈ પડયું છે. ભારતીય રાષ્ટ્રદૂત ભારત રાષ્ટ્રના જે સંદેશાને લઈને અહીં પધાર્યા છે અમારા**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



બુકોબામાં પૂર્વ આફ્રિકાના ભારતીય હાઈ કમિશનર શ્રી આપ્પા સાહેબ બી. પંત સાથે ભારતીય સાંસ્કૃતિક મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજી

સાંસ્કૃતિક મિશન તરફથી પણ અમે અહીંના ગામે ગામમાં ને શહેરે શહેરમાં ગયા. કેટલાક મહિનાઓ સુધી ફરી ફરીને એ જ સંદેશાનો પ્રચાર કરી રહ્યા છીએ." શ્રી આપ્પા સાહેબ પંતે પ્રમુખપદેથી બોલતાં કહ્યું હતું કે:—"અહીં સ્થાયી રૂપમાં વસવાટ કરવાના અમારા હક્કને જાળવી રાખીને જ અમે અહીં વસીશું—એવી જાતનો સંકલ્પ લઈને અને યોગ્ય જવાબદારીના ભાન સાથે જ અહીંના પ્રવાસી ભારતવાસીઓએ અહીં રહેવું જોઈએ. અને તેમ કરવાથી જ ભારત રાષ્ટ્ર તેમની પાછળ રહીને તેમને સર્વ પ્રકારે મદદ કરવા સમર્થ નિવડશે. આપને ભૂલી જવું ન જોઈએ કે આપ સર્વ સ્વતંત્ર ભારતના નાગરિકો છો અને આપ સર્વના ચારિત્ર્યબળ અને માનમર્યાદા ઉપર જ ભારત રાષ્ટ્રના ગૌરવ અને મહત્ત્વનો આધાર રહેલો છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




મંડળીને વિદાય આપવા માટે ભેગા થયેલા કંપાલાના ગૃહસ્થ સ્ત્રી પુરુષો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તા. ૭મી ડિસેમ્બરે સ્વામીજીએ "યુગાન્ડીયન ક્લબ" માં આફ્રિકન જનતાની સમક્ષ "આંતરભારતીય મૈત્રી" વિષે એક મનનીય પ્રવચન કર્યું હતું.

તા. ૧૧ મી ડિસેમ્બરે કંપાલા સનાતન ધર્મ મંડળના ચોગાનનાં સાંસ્કૃતિક મિશનને ભાભીનું વિદાયમાન આપવામાં આવ્યું હતું. સ્વાગત સમિતિ તરફથી શ્રી ઓધવજી માધવજી તથા શ્રી સી. કે. જોશી; ભારતીય મહિલા મંડળ તરફથી શ્રી વીરમતીબેન તથા જયોતિ-સંઘ તરફથી શ્રી પદ્મા બુચ વગેરેએ સાંસ્કૃતિક મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીને અને તેમના સાથીઓને વિદાય આપતાં ટુંકા પ્રાસંગિક વ્યાખ્યાનો કર્યાં હતાં અને સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ એના જવાબમાં મિશનના કાર્યમાં મદદ કરવા બદલ સર્વનો આભાર માન્યો અને તેમને આશીર્વાદ આપ્યો હતો.

## જીંજામાં પ્રચાર

સંસ્કૃતિ મિશન કંપાલા શહેર છોડીને જીંજામાં તા. ૧૨મી ડીસેમ્બરે આવી પહોંચ્યું હતું. શહેરમાં પ્રવેશ કરતાં જ આફ્રિકાના ધારાસભાના સભાસદ શ્રીયુત સી. કે. પટેલ, ઇન્ડિયન એસોસીએશના પ્રમુખ મિ. ઇન્દ્રસિંહ ગોલ, સેક્રેટરી મિ. આર. જી. વેદ, શ્રીયુત ઈશ્વરભાઈ પટેલ, મિ.એ.જી. મહેતા, યુવક સંઘના પ્રમુખ મિ.સૂચક વગેરે સ્થાનિક આગેવાન નેતાઓએ મિશનનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સાંજે પાંચ વાગે સ્થાનિક પ્રવાસી ભારતવાસીઓની સભા-નાનજી કાળીદાસની પબ્લીક લાયબ્રેરીના ચોગાનમાં રાખવામાં આવી હતી. જેનું પ્રમુખપદ શ્રીયુત સી. કે. પટેલે લીધું હતું, પ્રવચન દરમ્યાન સંસ્કૃતિ મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજી મહારાજે કહ્યું હતું કે:—

"મનુષ્ય આજે મનુષ્યત્વ તરફ દ્રષ્ટિ ન રાખી કેવળ ચાલાકી, ચાતુરી દ્વારા જ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા ઇચ્છે છે. અને તેથી જ સમગ્ર વિશ્વમાં આટલી બધી અશાંતિ અને કપટતા પ્રવર્તી રહી છે. વિજ્ઞાનની અજબ શોધોને કારણે આજે આખી દુનિયા એક નાના સરખા કુટુંબ જેવી બની ગઈ છે, બાહ્ય દ્રષ્ટિએ દુનિયાના વિવિધ દેશો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



જીંજામાં સ્વામી શ્રી અદ્વૈતાનંદજી એક સભામાં ભાષણ આપી રહ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે લેણદેણનો સંબંધ ઘણો નિકટનો હોવા છતાં પણ અંતરમાં–એક બીજા દેશ, જાતિ અને સંપ્રદાય પ્રત્યે આજે ભેદ, વિવાદ, દ્વેષ, ઇર્ષા અને હિંસક પ્રવૃત્તિએ ઘણું જ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. સંકુચિત રાષ્ટ્રવાદ અને સામ્પ્રદાયિક મનોભાવે આજે માનવ જાતિને પશુની હારમાં ઉતારી દીધી છે.

ગયાં પચ્ચીસ વર્ષની અંદર બે મહાયુદ્ધો ખેલાઇ ગયાં છે. અને ત્રીજા મહાયુદ્ધની તૈયારી પણ ચાલી રહી છે. આવી ભયંકર પરિસ્થિતિમાં પણ ભારત ભૂમિએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે. અમારૂં નવીન સ્વતંત્ર ભારત હજી એટલું બધું સબળ અને સાધન સામગ્રીવાળું થયું નથી કે જે આજે કોઇપણ પ્રકારના દુન્યવી શક્તિ સામર્થ્ય અથવા આર્થિક બાબતમાં દુનિયાના બીજા દેશોને સહાયતા કરી શકે...પણ તે તેની સંસ્કૃતિનો મહાન દિવ્ય સંદેશો અને આદર્શ પૃથ્વીના દરેક રાષ્ટ્રોને પહોંચાડી શકે જેથી દુનિયામાં શાંતિ અને મુક્તિનું વાતાવરણ ફેલાય. એ સંસ્કૃતિના આદર્શનો પ્રચાર કરવો એ સ્વાધીન ભારતના નાગરિકો તરીકે અમારી પ્રથમ ફરજ છે. જ્યારે અમો પરાધીન હતા ત્યારે એ પ્રચાર સાર્થક થતો ન હતો. પરંતુ આજે તો એ સ્વતંત્ર રાષ્ટ્ર તરફથી પ્રચાર કરવામાં આવે તો સમગ્ર જગત તેને અપનાવી લેશે. અને તેથી જ જગતમાં શાંતિ ફેલાવવાની જે જવાબદારી વિધાતાએ ભારતને જ યુગયુગથી અર્પેલી છે, તેને આજે ફરીથી સંભાળી લેવાની જરૂર છે.

રાજનૈતિક સ્વાર્થ રક્ષણની સાથે સાથે જ ભારત રાષ્ટ્ર તરફથી ભારતીય સંસ્કૃતિના પ્રચારાર્થે સાંસ્કૃતિક દૂતોને પણ વિશ્વ સમક્ષ મોકલવા જોઇએ. આજે ભારતને સ્વદેશમાં શાંતિની પ્રતિષ્ઠા, સંગઠન, આદર્શ શિક્ષણ અને કેળવણીનો પ્રબંધ, વિજ્ઞાનમાં ઉન્નતિની કોશિષ વગેરે વગેરે મહાન કાર્યોની સાથે સાથે ઉદાર દૃષ્ટિથી વિશ્વની સમસ્યાઓ પ્રત્યે પણ લક્ષ રાખીને તેના સમાધાન માટે પણ પ્રયત્નો કરવા જોઇએ.”

સંમેલનના પ્રમુખ શ્રીયુત પટેલે તેમના ભાષણ દરમ્યાન જણાવ્યું કે—“આપણે બધા પોતપોતાના સ્વાર્થ માટે જો કે હિંદ બહાર વિદેશમાં આવ્યા છીએ પણ તેથી માતૃભૂમિ ભારત પ્રત્યેનું આપણું કર્તવ્ય ભૂલી જવાનું નથી. દુનિયાના કોઈપણ પ્રાંતમાં આપણે કેમ ન રહેતા હોઇએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



જીંજામાં શ્રી સી. કે. પટેલ (એમ. એલ. એ) સાંસ્કૃતિક મિશનની એક સભામાં પ્રમુખપદેથી ભાષણ આપી રહ્યા છે.

તો પણ ભારતવાસીરૂપે રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય પાલન કરવા માટે હંમેશાં તત્પર રહેવું જોઇએ. લાંબા સમયથી ભારતભૂમિથી દૂર રહીને પણ 'અમે ભારતવાસી છીએ' એવો પરિચય આપતાં આપણને ગર્વ થવો જોઈએ."

ત્યારબાદ સભામાં સંસ્કૃતિ મિશનને સફળતા સાંપડે તેવા શુભ સંદેશાઓ જે—ડો. રાજેન્દ્રપ્રસાદ, ડો. શ્યામપ્રસાદ મુકરજી, પંડિત જવાહરલાલ નેહરૂના સેક્રેટરી, બિહારના ગવર્નર મિ. એમ. એસ. અણે, વગેરે દેશનેતાઓ તરફથી આપવામાં આવ્યા હતા તે બધા જનતા સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

તે ઉપરાંત પણ સ્વામીજીએ દરરોજના પોતાના પ્રવચન દરમ્યાન ધાર્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક વિવિધ વિષયો પર માર્ગદર્શક પ્રકાશ પાડ્યા હતા. લગભગ ૨૪ વ્યાખ્યાનો સ્વામીજીએ અહીં આપ્યાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વામી શ્રી પરમાનંદજીએ જીંજા વેલફેયર એસોસિએશનના આમંત્રણથી "સાંસ્કૃતિક મૈત્રી" વિષે કાબકા હોલમાં મિ. જે. બી. લુકાંડીના પ્રમુખપદે એક ભાષણ આપ્યું હતું જેમાં ઘણા આફ્રિકનોએ પણ ભાગ લીધો હતો.

## કમુલી (પૂર્વ આફ્રિકા)માં
## હિંદુ મિલન મંદિરની પ્રતિષ્ઠા

સંસ્કૃતિ મિશનના પ્રતિનિધિઓને આમંત્રણ મળતાં ૧ લી જાન્યુઆરીએ તેઓ જીંજાથી કમુલી શહેરમાં આવી પહોંચતાં ઇન્ડિયન એસોસીએશન તરફથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે જ દિવસે સાંજે પાંચ વાગે સ્થાનિક નિશાળના મેદાનમાં એક જાહેર જનસભા બોલાવવામાં આવી હતી. જેનું પ્રમુખપદ ઇન્ડિયન એસોસીએશનના પ્રમુખ



કમુલી હિંદુ મિલન મંદિરના સભ્યો સાથે સ્વામી શ્રી અદ્વૈતાનંદજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીયુત પરમાત્માસિંહે લીધું હતું. રાષ્ટ્રીય ગીત ગવાયા બાદ પ્રમુખશ્રીએ સંસ્કૃતિ મિશનનો પરિચય આપતાં કહ્યું હતું કે—"સ્વતંત્ર ભારત તરફથી આપણા મહાન મહાન દેશનેતાઓના ભલામણપત્રો આપી આ મિશનને પૂર્વ આફ્રિકામાં ઉદાર ભારતીય સંસ્કૃતિના આદર્શોનો પ્રચાર કરવા માટે મોકલવામાં આવ્યું છે. અને તેથી અહીંના પ્રવાસી ભારતવાસીઓને ખરેખર ઘણો જ લાભ થયો છે." સભામાં આફ્રિકનો પણ ઘણી જ સંખ્યામાં હાજર હતા. મિશનના નેતા સ્વામીશ્રી અદ્વૈતાનંદજી મહારાજે અહિં ચાર પ્રવચનો આપ્યાં હતાં. અને એક સાર્વજનિક વૈદિક શાંતિ–યજ્ઞ પણ કર્યો હતો. સ્વામીજીના પ્રચારના પ્રભાવે કમુલી શહેરમાં એક નવીન ભાવનાનું વાતાવરણ ફેલાયું. મિશનના પ્રચારથી સ્થાનિક હિંદુઓએ તેનું પરિપાલન કરવા માટે અહીં એક મંદિર બનાવવાનો સંકલ્પ ગ્રહણ કર્યો અને તેથી પૂજ્યપાદ સ્વામીજીએ એક હિંદુ મિલન મંદિરની પ્રતિષ્ઠા કરી. તેને અંગે જોઈતી આર્થિક મદદ અને બીજો બધો દ્રવ્યાદિનો સંગ્રહ પણ જનસભામાં જ ઘણા જ ઉત્સાહથી કરવામાં આવ્યો હતો. આ પ્રદેશમાં એક મંદિરની પ્રતિષ્ઠા થવાથી નજીકમાં વસતા હિંદુઓને સ્વધર્મ રક્ષણની સહાયતા મળશે એવી આશા રાખવામાં આવે છે.

મિશનના પ્રચારક સ્વામીશ્રી પરમાનંદજીએ પણ એ જ પ્રદેશના અંદરના ભાગમાં નાનાં ગામોમાં ફરી ઘણે ઠેકાણે પ્રચાર કર્યો છે.

## મ્બાલેમાં પ્રચાર

સંસ્કૃતિ મિશનના પ્રતિનિધિઓ ત્યારપછી મ્બાલેમાં આવી પહોંચ્યા. મિશનના કાર્યક્રમમાં અહીંની સ્થાનિક હિંદી જનતાએ ઘણા જ ઉત્સાહથી ભાગ લીધો. ભારતીય સંસ્કૃતિના આદર્શો સંબંધે વિવિધ વિષયો પર વ્યાખ્યાનમાળા આપવા ઉપરાંત વીર નૃત્ય સાથેની આરતિ અને સમુહ પ્રાર્થનાથી લોકો આકર્ષાઇ તેમાં ભાગ લેવા ઉમંગથી દોડી આવતા.

તા. ૧૧ તથા ૧૨મી જાન્યુઆરીએ મિશનના નેતા સ્વામીશ્રી અદ્વૈતાનંદજી મહારાજે કૃષ્ણ સિનેમા હોલમાં બે સુંદર પ્રવચનો કર્યાં હતાં. તા ૧૩ મીએ સાર્વજનિક વૈદિક શાંતિ–યજ્ઞ કરવામાં આવ્યો હતો, જેમાં મ્બાલેની તેમ જ પાસે આવેલાં ગામોની પણ હિંદુ જનતાએ સારા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હવન શરૂ થતાં પહેલાં સ્વામીજીએ હવનના રહસ્ય પર પ્રકાશ ફેંકયો હતો. તેમણે કહ્યું હતું કેઃ—“ હવન એ એક જુનામાં જુની આર્ય ઉપાસનાની પદ્ધતિ છે. અને આર્યોનું સંગઠન કરવામાં યજ્ઞાદિ અનુષ્ઠાનોએ જ ઘણો મોટો ભાગ ભજવ્યો હતો, એમાં શંકા નથી. ભારતીય આર્ય સંસ્કૃતિનો વિકાસ અને વિસ્તાર ઘણા મોટા પાયા ઉપર આ જુની પદ્ધતિથી જ થયો હતો. હિન્દુ શાસ્ત્ર મુજબ હવન એ ફક્ત યજ્ઞ વિધિ જ નથી પણ સ્વાર્થનું બલીદાન આપવું તે જ છે. જે કંઇ યજ્ઞથી થયું. છે તે ફક્ત બીજાનું ભલું કરવા માટે અને પ્રભુને રાજી રાખવા માટે જ થયું છે. અને આર્યોની આખી જીંદગી વિવિધ પ્રકારના કાર્યક્રમો અને ફરજોનું પાલન કરવાની સાથે પ્રભુના ચરણકમળમાં પ્રાર્થના કરવા સિવાય બીજું કંઇ જ નથી, આધ્યાત્મિક, અને નૈતિક શક્તિના વિકાસની સાથે સાથે આર્યોએ ઘણી જાતનાં કળા, વિજ્ઞાન જેવાં કે ચિત્રકામ, શિલ્પ, સંગીત, ભૂમિતિ, જ્યોતિષ, રસાયણ, ગણિત, પદાર્થ વિજ્ઞાન વગેરેના વિકાસ અને વિસ્તાર કરવામાં પણ ઘણો ફાળો આપ્યો હતો. હવનના પવિત્ર અગ્નિએ ફક્ત આર્યોને જ પવિત્ર કર્યા નથી પણ કરોડો અનાર્યોને આર્ય તરીકે અપનાવી પવિત્ર કર્યા છે. આમ પ્રાચીન સમયમાં જ્યારે મૂર્તિપૂજા અસ્તિત્વમાં આવી ન હતી ત્યારે હવનને તેઓ કલ્પતરૂ ગણતા. કારણ કે તે કરવાથી તેમની બધી ઇચ્છાઓ ફળીભૂત થતી. તેઓ યજ્ઞેશ્વર પાસે પુત્ર , ધન, આયુષ્ય, સુખ સ્વતંત્રતાની જ માગણી કરતા નહિ પણ આધ્યાત્મિક શકિત અને લશ્કરી વિજયની પણ પ્રાર્થના કરતા હતા. પણ વખત જતાં વૈદિક હવનની ખરેખરી ભાવના અને તેનો ખરો આદર્શ ભુલાતાં લોકોએ તેને હિંસક અને સંકુચિત ભાવનામાં લઇને છેવટે પશુ બલિદાન જેવાં ઘાતકી સ્વરૂપો આપ્યાં. તેથી ભગવાન બુદ્ધ અને મહાવીરને એ પ્રાચીન પદ્ધતિને બંધ કરવા પડકાર કરવો પડયો પણ શંકરાચાર્યે તે હવનની પદ્ધતિનું સંશોધન કરી તેમને ફરીથી ચાલુ કર્યો. મહર્ષિ દયાનંદ જેમણે વૈદિક આદર્શોને પુનર્જન્મ આપવાનો અને પુનઃ સંસ્કાર કરવાનો સંકલ્પ લીધો હતો, તેમણે એને લોકપ્રિય કરવા અને પુઃન સંગઠન કરવા પોતાથી બનતું કર્યું. આફ્રિકામાં આ સંસ્કૃતિ મિશન તેમનાં બીજાં બધાં કાર્યોની સાથે આર્ય સંસ્કૃતિના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૌરવને પુર્નજીવિત કરવા પ્રત્યે બને એટલું ધ્યાન આપી રહ્યું છે. અને તેથી જ તેના પ્રચાર માટે દરેક શહેરમાં એવાં અનુષ્ઠાનો પણ રાખે છે." હવનમાં ઘણા આફ્રિકનોએ પણ ભાગ લીધો હતો.

આ ઉપરાંત સ્વામીજીએ બીજા વિવિધ વિષયો પર જુસ્સાદાર પ્રવચનો કરી જનતાને મુગ્ધ કરી દીધી હતી.

## નાઇરોબીમાં ભવ્ય સ્વાગત.

ભારત સેવાશ્રમ સંઘ તરફથી પૂર્વ આફ્રિકામાં આવેલા ભારતીય સંસ્કૃતિ મિશનના પ્રતિનિધિઓ ટાંગાનિકા અને યુગેન્ડા પ્રદેશમાં પ્રચાર કાર્ય પૂરૂં કરીને તા. ૨૩-૧-૪૯ ને દિવસે પૂર્વ આફ્રિકાના પાટનગર નાઇરોબીમાં આવી પહોંચ્યાં. તેમના સ્વાગત માટેની બધી વ્યવસ્થા કરવા સારૂ એથી પહેલાં જ તા. ૧૫-૧૧-૪૮ ને દિવસે અહીં પુર્વ આફ્રિકાના ભારતીય હાઈ કમિશનર શ્રી આપ્પા સાહેબ પંતના પ્રમુખપદે નાઇરોબી, નાકુરૂ, કિસુમુ તથા કરાટીનાની જુદી જુદી સંસ્થાઓના લગભગ ૧૦ જેટલા પ્રતિનિધિઓની એક સભા ભરાઈ હતી જેમાં શ્રી પંતે જણાવ્યું હતું કે "આ મિશનને ભારત સરકારનો ટેકો છે તેનું કારણ એ છે કે જે સંસ્થા તરફથી આ મિશનને મોકલવામાં આવ્યું છે તે સંસ્થાએ ધાર્મિક, સામાજિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ઘણા પ્રશંસનીય કાર્યો કર્યાં છે." આ સભામાં આ મિશનનું ભવ્ય સ્વાગત કરવા માટે એક સ્વાગત સમિતિ અને તેને આશ્રયે જુદા જુદા કાર્યની વ્યવસ્થા માટે ત્રણ પેટા સમિતિઓની રચના થઇ હતી. શ્રી જે. એમ. દેશાઈ આ સમિતિના પ્રમુખ તરીકે, શ્રી બી. આર. શર્મા ઉપપ્રમુખ તરીકે, ડૉ. વી. વી. પટવર્ધન સામાન્ય મંત્રી તરીકે, શ્રી. એસ. કે. સરકાર સહકારી મંત્રી તરીકે, શ્રી મેઘજીભાઈ કે. માલડે ખજાનચી તરીકે તેમ જ શ્રી. ડી. આર. પટેલ સહકારી ખજાનચી તરીકે નિમાયા હતા.

મિશનના પ્રતિનિધિઓ નાઇરોબી સ્ટેશને પહોંચતા જ સ્ટેશન પ્લેટફોર્મમાં સ્વાગત સમિતિ, ઇસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ, હિંદુ યુનિયન, કચ્છી ગુજરાતી હિંદુ યુનિયન, પટેલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



નાઈરોબીના મિત્ર વર્ગ સાથે સંસ્કૃતિ મિશનના સભ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્રધરહુડ, ગાંધી ટાગોર લેકચરશીપ સોસાયટી, સોસિયલ સર્વિસ લીગ, શિખ યુનિયન વગેરે ઘણીએ સંસ્થાઓના પ્રમુખો, મંત્રીઓ, અન્ય સભ્યો તેમ જ ઘણા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો હાજર રહીને મિશનનો ભવ્ય સ્વાગત સત્કાર કર્યો હતો.

સ્વાગત સમિતિના આશ્રય નીચે મિશનના સત્કારાર્થે તા. ૨૪ મી જાન્યુઆરીએ પટેલ બ્રધરહુડના હોલમાં એક જાહેર સભા શ્રીયુત જે. એમ. દેશાઇના પ્રમુખપણા હેઠળ મલી હતી. ઇસ્ટ આફ્રિકાના ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીયુત એસ. જી. અમીને કહ્યું હતું કે—" ભારતીય સંસ્કૃતિ મિશનના પ્રતિનિધિઓને પૂર્વ આફ્રિકાના ભારતવાસીઓ તરફથી અમે હાર્દિક સત્કાર કરીએ છીએ. આપણે આપણી માતૃભૂમિ ભારતની ઉન્નતિ, આબાદીમાં તેની સેવાની તકથી વંચિત બની આફ્રિકા જેવા દૂર દેશમાં આવ્યાં. છતાં આપણે હજી આપણી સંસ્કૃતિને ભૂલી નથી. જ્યારે જ્યારે દેશને સેવાની જરૂર પડે ત્યારે તેને સહાય કરવા માટે અમો હરહંમેશ તૈયાર રહીએ છીએ અને રહીશું. ભારતીય સંસ્કૃતિ કેવળ ભારતની ઉન્નતિ માટે જ નથી પણ તે તો જગતના કલ્યાણ માટે જ છે. સ્વાધીન ભારતના નાગરિકે. તરીકે આપણે દરેકે એ મહાન સંસ્કૃતિનો પ્રચાર આફ્રિકા જેવા દૂર દેશમાં પણ કરવો જોઈએ."

હિંદુ યુનિયનના પ્રમુખ ડૉ. વી. વી. પટવર્ધને ભારત સેવાશ્રમ સંઘની વિવિધ પ્રવૃત્તિઓ સંબંધે વિસ્તાર પૂર્વક જણાવ્યું—"આ સંઘે સારા ભારત વર્ષમાં એવું સુંદર રચનાત્મક કાર્ય કર્યું છે કે જેથી દેશના સર્વશ્રેષ્ઠ નેતાઓથી શરૂ કરીને સાધારણ જનતાએ પણ એને સમર્થન આપ્યું છે. અને આવા દૂર દેશમાં પણ આવીને ભારતવાસીઓ ઉપરાંત આફ્રિકાનો, યુરોપિયનો વગેરે પાસેથી પણ આ સંસ્થા આંતરિક સમર્થન મેળવી રહી છે.

મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ આ સત્કારનો આભાર માનતાં કહ્યું કે આજે તમોએ અમારી પ્રત્યે જે લાગણી દર્શાવી છે તે જ દેખાડી આપે છે કે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તમારી અગાધ શ્રદ્ધા છે. એ સત્કારના ખરા અધિકારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



નઈરોબીમાં આરતિ વખતે એકત્રિત થયેલાં ભક્ત નરનારીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમો કે અમારૂં મિશન નહિ પરંતુ ભારતીય સંસ્કૃતિ અને સ્વતંત્ર ભારત જ છે. **સંસ્કૃતિને ભૂલીને જે દેશ કેવળ રાષ્ટ્રીય આદર્શને જ વળગી રહે છે તે દેશ મહાન ભૂલ કરે છે.** ભારતના અને પશ્ચિમના દેશપ્રેમમાં ફરક છે. ભારતવાસીઓ દેશને દેવીરૂપે પૂજે છે. પશ્ચિમના દેશપ્રેમીઓ લાખો નરનારીના રકતથી દેશની સીમા અને સત્તાને વધારવા માંગે છે. જ્યારે ભારતનો દેશપ્રેમ કેવળ સીમા અને સત્તાના બંધનથી જકડાયેલો નથી, પણ પોતાના દેશની અને જાતિની ઉન્નતિ અને સમૃદ્ધિની સાથે સાથે સમગ્ર જગતનું કલ્યાણ પણ તે કરવા માંગે છે. ભારતને વિશ્વવાસીઓ જે સન્માન અને ભક્તિની નજરે જુએ છે તે તો તેની આધ્યાત્મિક સંસ્કૃતિને જ આભારી છે. ગુલામી અવસ્થામાં પણ વિવેકાનંદ, રામતીર્થ, રવીન્દ્રનાથ અને ગાંધીજી વગેરે મહાન પુરૂષો પણ એ સંસ્કૃતિને લીધે જ આદરમાન પામ્યા હતાં. અને આજે આ મિશન પણ એ સંસ્કૃતિની ઉદાર વાણી લઈને આફ્રિકા સાથે ભારતનો આંતરિક સંબંધ સ્થાપવાનો પ્રયત્ન કરે છે. આ સંસ્કૃતિના ઐકય ઉપર જ ભારત સાથે સમગ્ર વિશ્વનું મહામિલનરૂપી ભવ્ય ઈમારત ઘડાશે.”

સત્કાર સમિતિના પ્રમુખ **શ્રીયુત જે. એમ. દેશાઈએ** તેમના પ્રવચન દરમ્યાન જણાવ્યું હતું કે, “આપણે આફ્રિકામાં વસી રહેલા તમામ ભારતવાસીઓ અને આફ્રિકાનો સૌ જો એક બનીએ તો આજના આવા સંકટ કાળમાં પણ બચી શકીએ. ભારતના કમીશ્નર શ્રીયુત આપ્પા સાહેબ પંતે પણ તે જ ઉપદેશ આપ્યો છે. આ મિશન પણ તેવો જ સંદેશો આપે છે. જેથી આપણે તેમના ઋણી છીએ.”

## નાઇરોબીમાં પ્રચાર કાર્ય

મિશનના આગમનથી શહેરની જનતામાં વિપુલ ઉત્સાહ વ્યાપી ગયો. દરરોજ જુદી જુદી સંસ્થાઓના આશ્રય હેઠળ મિશનના નેતા **સ્વામી શ્રી અદ્વૈતાનંદજીના** વ્યાખ્યાનો થવા લાગ્યાં. મોટા મોટા લેકચર હોલો, રમતના મેદાનો, વિદ્યાલયના ચોગાનો કે મંદિરના આંગણો વગેરે જ્યાં જ્યાં સભા બોલાવવામાં આવતી હતી ત્યાં ત્યાં બધે જ લોકો ગીચોગીચ ભરાઇ જતા. **સનાતન ધર્મ સભા, સોસિયલ સર્વિસ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪



નાઈરોબીમાં બંગાળી કુટુંબો સાથે મિશનના સન્યાસીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**લીગ, કચ્છી ગુજરાતી હિંદુ યુનિયન, આર્યસમાજ, ઇન્ડિયન એસોસીએશન, ઓસવાલ મહિલા સમિતિ, ભાગની સમાજ, સનાતન મહિલા મંડળ, યુનાઇટેડ થયુ લીગ, હિંદુ વોલન્ટિયર કોર, વાલ્મીક હરિજન મંદિર, સરકારી કન્યાશાળા, ગાંધી ટાગોર લેકચરશિપ સોસાયટી, હિંદુ યુનિયન,** વગેરે વગેરે **સં**સ્થાઓના આમંત્રણથી સ્વામીજીએ યુગધર્મ, સેવાધર્મ, હિંદુ ધર્મની વિશિષ્ટતા, ગીતાનું રહસ્ય, વૈદિક સંસ્કૃતિ, સ્વતંત્ર ભારતના નાગરિકોનું કર્તવ્ય, ભારતીય સ્ત્રી જીવનનો આદર્શ, વર્તમાન યુગમાં યુવાનોની જવાબદારી, પ્રવાસી ભારતીય યુવાનોનું કર્તવ્ય, હિંદુ સમાજમાં હરિજનોનું સ્થાન, હિંદુ ધર્મની અંદર સમાયેલા સામ્યવાદ સાથે રશિયન સામ્યવાદનું પાર્થક્ય, હિંદુ ધર્મમાં શક્તિની સાધના, ભારતીય શિક્ષણનો આદર્શ, ભારતીય ગૃહસ્થ જીવનનો આદર્શ, આત્મજ્ઞાન, મનઃસંયમ, વગેરે વગેરે વિષયોમાં પ્રવચનો કર્યાં હતાં. ભજન, કીર્તન, આરતિ વગેરેના દરરોજના અનુષ્ઠાનોમાં પણ લોકો નિયમિત રૂપે હાજરી આપતા. એ ઉપરાંત દરરોજ રાત્રે સ્થાનિક સદ્‌ગૃહસ્થોના આમંત્રણથી સ્વામીજી મંડળી સાથે તેમના નિવાસ સ્થળોએ જઇને પારિવારિક સંમેલનો યોજી ભજન, કીર્તન, આરતિ ધર્મોપદેશ વગેરે અનુષ્ઠાનો રાખીને તેમની અંદર ધાર્મિક ભાવના જાગ્રત કરવા તેમ જ ધાર્મિક આચારાનુષ્ઠાનો પ્રતિષ્ઠિત કરવા પ્રયત્ન કરતા. **એ રીતે નાઇરોબી શહેરમાં કુલ ૮૩ જાહેર સભાઓ યોજાઈ હતી અને ૬૦ પારિવારિક સંમેલનો ભરાયાં હતાં** જેથી મિશનનો પ્રચાર ઘણી સરસ રીતે થયો અને પંજાબી, કાશ્મીરી, ગુજરાતી, કાઠીયાવાડી, કચ્છી, મરાઠી, સિંધી, બંગાળી વગેરે પ્રવાસી ભારતવાસીઓમાંના ઘણા સદ્‌ગૃહસ્થોના પારિવારિક જીવનમાં સુંદર ધાર્મિક વાતાવરણ સર્જાઈ ગયું.

મિશનના ઉત્સાહી કાર્યકર્તા તેમ જ વિદ્વાન વકતા **સ્વામી શ્રી પરમાનંદજીએ** બીજા કેટલાક બ્રહ્મચારીઓને સાથમાં લઈને નાઇરોબીની આજુબાજુમાં આવેલાં **લિમરૂ, નાકબાસ, ફોટ હોલ, થમસન ફોલ્સ, મચાકોષ, ઓલકલાવ, કરાટીના, સાવાસાવા, નેરી, નાનીકુ, થીક, કિકુઈ** વગેરે સ્થળોએ ફરીને ત્યાં પણ ભારતીય ધર્મ તથા સંસ્કૃતિના ઉદ્ધાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ઉપદેશ પામેલાં મચાકોપ સ્કુલનાં કેટલાંક વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ
સાથે સ્વામી શ્રી પરમાનંદજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમ જ વિશ્વકલ્યાણકારી આદર્શનો પ્રચાર કર્યો. તે ઉપરાંત સ્વામીજીએ પૂર્વ આફ્રિકાના દરેક સ્થળે વિદ્યાર્થી બાળકો તેમ જ યુવાનો સમક્ષ ચારિત્ર ઘડતર, બ્રહ્મચર્ય, શિસ્ત પાલન વગેરે વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યાં અને તેમની આદર ધાર્મિક ભાવના, કર્તવ્ય બુદ્ધિ, શ્રદ્ધા ભક્તિ વગેરે સદ્‌ગુણો ખીલવા પામે એ દ્રષ્ટિએ ખાસ ખિખામણો આપી.

## નાઇરોબીમાં ભારતીય સંસ્કૃતિ સંમેલન

ભારત સેવાશ્રમ સંઘ તરફથી પૂર્વ આફ્રિકા ગયેલા ભારતીય સંસ્કૃતિ મિશનના પ્રયત્નથી અને તેના જ આશ્રય હેઠળ સંઘના સ્થાપક યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજીની શુભ જન્મ જયંતીને પ્રસંગે તા. ૧૨મી તથા ૧૩મી ફેબ્રુઆરીએ (૧૯૪૯) નાઈરોબીમાં પૂર્વ આફ્રિકન ભારતીય સંસ્કૃતિ સંમેલનના બે અધિવેશનો તથા ભારતીય મહિલા સંમેલનના એક અધિવેશન ત્યાંના મહાજન વાડીમાં એને માટે ખાસ બંધાયલા એક ભવ્ય મંડપમાં ભરાયાં હતાં. શ્રી એ. પ્રીતમ (એમ. એલ. એ.) તથા શ્રી એ. વી. પટેલ (સી. એમ. જી., એમ. એલ.



ભારતીય સંસ્કૃતિ સંમેલનના મંડપનો મુખ્યદ્વાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ., એમ. એલ. સી.) બે દિવસના "સંસ્કૃતિ સંમેલન"ના પ્રમુખપદે હતા. શ્રીમતી સરસ્વતી શેઠીએ "મહિલા સંમેલન"નું પ્રમુખપદ લીધું હતું. સંમેલનની વ્યવસ્થા માટે શ્રી મેઘજી કે. માલડેના પ્રમુખપદે તથા ડૉ. વી. વી. પટવર્ધનના મંત્રીત્વ હેઠળ એક સ્વાગત સમિતિની રચના થઇ હતી. કેનિયા, યુગાન્ડા, ટાંગાનિકા, ઝાંઝીબાર વગેરે પૂર્વ આફ્રિકાના બધા ઠેકાણેથી ઘણા પ્રવાસી ભારતવાસી સ્ત્રી પુરૂષોએ તેમ જ યુવાનોએ ઘણા ઉત્સાહથી આવીને આ સંમેલનોમાં ભાગ લીધો હતો.

## ભારતીય સંસ્કૃતિ સંમેલનનું પહેલું અધિવેશન

તા. ૧૨મીએ સાંજે ૪વાગે માંગલિક સંગીત ગવાયા પછી જુદી જુદી સંસ્થાઓના યુવાનોએ તેમ જ સંઘના બ્રહ્મચારીઓએ આકર્ષક વ્યાયામ પ્રયોગો તેમ જ સ્વરક્ષણને લગતા દાવપેચ વગેરેના પ્રયોગો બતાવ્યા. ૫ વાગે શ્રી મેઘજી માલડેએ ઉપસ્થિત નરનારીઓનું યોગ્ય સ્વાગત કર્યું હતું. ત્યારપછી ઇસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના માજી પ્રમુખ શ્રી એસ. જી. અમીને સંમેલનનું ઉદ્દ્ઘાટન કરતાં કહ્યું હતું કે "આ જાતનું અને આટલા વિશાળ કદનું ભારતીય સંસ્કૃતિ સંમેલન આ જમાનાના પૂર્વ આફ્રિકાના ઇતિહાસમાં તદ્દન નવું જ હશે. એ બધું જોઇને એમ લાગ્યા વિના રહે જ નહિં કે ભારતીય સંસ્કૃતિના દિગ્વિજયના ભૂતકાળના ઇતિહાસનું પુનરાવર્તન આ ભૂમિમાં ફરીથી થઇ રહ્યું છે. આ મહાન કાર્યની યોજના અને પરિપૂર્ણ સિદ્ધિને માટે ભારત સેવાશ્રમ સંઘની આ સંન્યાસી મંડળીનો અને ખાસ કરીને તેના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીનો જેટલો આભાર માનીએ એટલો જ ઓછો ગણાય. આફ્રિકા જેવા દૂર દેશમાં પણ આપણે જો આપણી પ્રતિષ્ઠાને જાળવી રાખીને જ વસવા માગીએ તો તો આપણને માટે આપણી ભારતીય સંસ્કૃતિની મજબુત ભૂમિકા ઉપર સંગઠિત થયા વગર બીજો માર્ગ જ નથી. આ જાતના સંગઠન સાધવા માટે આજે આપણને એક અમૂલ્ય તક મળી ગઇ છે અને આ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવવા માટે જો આપણે કટિબદ્ધ થઇએ તો જ આ પ્રયત્ન સફળ અને સાર્થક ગણાશે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શ્રી એ. વી. પટેલ સંસ્કૃતિ સંમેલનનું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે

શ્રી. એ પ્રીતમ ( એમ. એલ. સી ) એ પ્રમુખ પદેથી કહ્યું હતું કે—" પ્રત્યેક જાતિને એક દેશ અને તેની સાથે એક ધર્મ અને એક સંસ્કૃતિ પણ હોય છે. સ્વદેશની સેવા કરતી વખતે કોઇપણ વ્યક્તિએ ભૂલી ન જવું જોઈએ કે સ્વધર્મ અને સ્વસંસ્કૃતિ પ્રત્યે પણ તેની કેટલીક ફરજો બજાવવાની રહે છે. પરંતુ અફસોસની વાત એ છે કે જ્યારે દુનિયાના બીજા બધા જ દેશના લોકો પોતપોતાના ધર્મ અને પોતપોતાની સંસ્કૃતિ પ્રત્યે, ગૌરવબુદ્ધિ ધરાવતા નજરે ચઢે છે ત્યારે આપણા કેટલાક કહેવાતા સ્વદેશપ્રેમી હિન્દુ ભાઈ બહેનો સ્વધર્મ અને સ્વસંસ્કૃતિ પ્રત્યે સાવ ઉદાસીનતા અને બેદરકારીની ભાવનાનો પ્રદર્શન કરવામાં જ ગૌરવ માનતા દેખાય છે. તેઓ ખોટી રીતે એમ માનતા હોય છે કે હિંદુધર્મ કે હિન્દુ સંસ્કૃતિ વિષે કોઈપણ વાત ચીત કે ચર્ચા વિગેરેમાં ભાગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ભારતીય સંસ્કૃતિ સંમેલનના મંડપમાં યજ્ઞ થઇ રહ્યું છે

લેવાય તો તેથી અન્ય સંપ્રદાયના લોકોનું દિલ દુભાય અને તેને પરિણામે રાષ્ટ્રીય એકતામાં ખલેલ પહોંચે. પરંતુ તેમણે યાદ રાખવી જોઈએ કે **કવિસમ્રાટ શ્રી રવીન્દ્રનાથ તેમજ મહાત્મા ગાંધીજી ચુસ્તમાં ચુસ્ત સ્વદેશપ્રેમ હોવા છતાં પણ ચુસ્ત સ્વધર્મપ્રેમી અને ચુસ્ત સ્વસંસ્કૃતિપ્રેમી પણ હતા."** અંતમાં તેમણે પૂર્વ આફ્રિકાના બધા જ હિન્દુઓને અંગત ભેદ વિભેદો ભૂલી જઈ સ્વસંસ્કૃતિની ભૂમિકા ઉપર સંગઠિત થઈ જવાની હાકલ કરી હતી.

**શ્રી. એસ. કે. સરકારે આ સંમેલનની** સફળતા ઇચ્છતા ભારત સરકારના ઉદ્યોગ પ્રધાન **ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી,** લંડનના ભારતીય હાઈ કમિશ્નર **શ્રી વી. કે. કૃષ્ણમેનન,** વેસ્ટ ઇન્ડીઝના ભારતીય હાઇ કમિશ્નર **શ્રી સત્યચરણ,** પૂર્વ આફ્રિકાના ભારતીય હાઈ કમિશ્નર **શ્રી**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપ્પા સાહેબ પંત તેમ જ ટાંગાનિકા યુગાંડા, કેનિયા, ઝાંઝીબાર વિગેરે પૂર્વ આફ્રિકાના જુદા જુદા પ્રદેશની જુદી જુદી સંસ્થાઓ તરફથી જે સંદેશાઓ મળ્યા હતા તે બધા સંદેશાઓને વાંચી સંભળાવ્યા હતા.

શ્રી ડી. આર દીક્ષિત, શ્રી એ. એમ. વર્મા, શ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રી, સરદાર હરભજનસિંહ તથા સ્વામી શ્રી પરમાનંદજી વગેરે વકતાઓએ ભારતીય સંસ્કૃત અને તેના જુદા જુદા પહેલ જેમ કે સાહિત્ય, કળા, દર્શન, શૌર્ય, સમન્વય, વિકાસ–વગેરે વિષય ઉપર વિસ્તૃત ભાષણો આપ્યાં હતાં.



ભારતીય સંસ્કૃતિ સંમેલનના મંડપમાં સ્થપાયલી
આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજની મૂર્તિ

સ્વામી શ્રી અદ્વૈતાનંદજી કે જે મુખ્ય વકતા તરીકે હતા, તેમણે પોતાના પ્રવચન દરમ્યાન સ્વાગત સમિતિના સભ્યોએ તેમ જ સ્થાનિક જુદી જૂદી સંસ્થાઓએ સંમેલનને સફળ બનાવવામાં જે મદદ આપી હતી તે બદલ સર્વેનો આભાર માન્યો હતો તેમ જ ભારતીય સંસ્કૃતિ ઉપર બોલતાં કહ્યું હતું કે:—“ પૂર્વ આફ્રિકામાં વસતા હિંદુઓમાં તેમની સર્વાંગીન ઉન્નતિ તેમજ પ્રગતિ માટે કાર્ય કરી શકે એવા નિઃસ્વાર્થ સેવાભાવી કાર્યકર્તાઓનો અભાવ હજુ સુધી થયો નથી.” વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે—“ સંસ્કૃતિ એ તો કોઈ પણ જાતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે રાષ્ટ્રનું પ્રાણ છે. કોઈ પણ જાતિ જરૂર પડે તો "યહુદીઓની માફક ઘરબાર વિના રહીને પણ પોતાના અસ્તિત્વને ટકાવી રાખી શકે છે, જો તે પ્રાણપણે પોતાની સંસ્કૃતિને વળગી રહે તો. પરંતુ જ્યારે તે પોતાની સંસ્કૃતિને ગુમાવી બેસે છે ત્યારે તો તે પોતાના ઘરબારને વળગી રહેવા છતાં પણ એક સ્વતંત્ર અને વિશિષ્ટ જાતિ કે રાષ્ટ્ર તરીકેના પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે સાવ અસમર્થ જ નીવડે છે. ગ્રીકો, રોમનો તેમજ ઇજિપ્સીયનોની બાબતમાં એમ જ બન્યું હતું ને? આ સુદૂર આફ્રિકાના પ્રદેશમાં રહીને પણ અહીંના ભારતવાસીઓ ભારતીય સંસ્કૃતિને વળગી રહેવાથી જ અને આ ખંડમાં તેનો સારી પેઠે પ્રચાર કરવાથી જ. આ પ્રદેશમાં પોતાના સ્વતંત્ર અસ્તિત્વને જાળવી રાખી શકશે."

ત્યાર પછી પૂજા, આરતિ, સામુદાયિક પ્રાર્થના, અને પ્રસાદની વહેંચણી થઈ હતી. **શ્રી હીરજી ભગત અને તેમની મંડળી** (નાકુરૂવાળા) તરફથી અખંડ કીર્તનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

**તા. ૧૩ મીએ** સવારે ૧૦॥ વાગે સાર્વજનિક શાંતિયજ્ઞનું અનુષ્ઠાન થયું હતું અને એ પ્રસંગે **સ્વામી શ્રી અદ્વૈતાનંદજી**એ યજ્ઞનું રહસ્ય સારી પેઠે સમજાવ્યું હતું.

## ભારતીય મહિલા સંમેલન

બપોરે ૨॥ વાગે, **શ્રી સરસ્વતી શેઠીના** પ્રમુખપદે **ભારતીય મહિલા સંમેલન**નું અધિવેશન ભરાયું હતું. જેમાં **શ્રી મનોરમાબેન ગોહીલ, શ્રી કુસુમબેન વડગામા, શ્રી શાંતિબેન શર્મા, શ્રી લલીતાબેન દેશાઇ, શ્રી દમયંતિબેન બાદલજા, શ્રી વિદ્યાવતી ખન્ના** વગેરે સ્ત્રી વક્તાઓએ "ભારતીય નારી જીવનનો આદર્શ" વિષે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

**સ્વામી શ્રી અદ્વૈતાનંદજી**એ પોતાના પ્રવચનમાં ભારતીય નારી જીવનની વિશિષ્ટતા પ્રત્યે ઉપસ્થિત સ્ત્રીઓની દષ્ટિ સારી પેઠે આકર્ષિત કરી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીચેનો ઠરાવ શ્રી દમયંતિબેન આદલજા તરફથી રજુ થયો હતો. શ્રી લલીતાબેન દેસાઇએ તેને ટેકો આપ્યો હતો અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવઃ—" પાશ્ચાત્ય જડ સભ્યતાની અસર નીચે "ભારતીય સ્ત્રી જીવનનો આદર્શ" આજે ઝાંખો પડી ગયો છે. તેથી પૂર્વ આફ્રિકાની ભારતીય મહિલાઓનું આ સંમેલન આ ખંડમાં રહેલી તમામ ભારતીય મહિલાઓને એવી સંસ્થાઓની સ્થાપના કરવા માટે હાકલ કરે છે કે જે દ્વારા તેઓ વ્યક્તિગત તેમ જ સામુદાયિક જીવનમાં ભારતીય નારી જીવનના આદર્શને જાગતો જીવતો રાખી શકશે." ભગિની સમાજ તરફથી "જન ગણ મન" ગવાયા પછી સંમેલન પૂરૂં થયું હતું.

## ભારતીય સંસ્કૃતિ સંમેલનનું બીજા દિવસનું અધિવેશન

સાંજે ૪।। વાગેથી ભારતીય સંસ્કૃતિ સંમેલનના બીજા અધિવે-



ભારતીય સાંસ્કૃતિ સંમેલનના બીજા અધિવેશનમાં શ્રી એ. વી. પટેલ પ્રમુખપદેથી ભાષણ આપી રહ્યા છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શનની શરૂઆત થઈ હતી. **શ્રી એ. વી. પટેલ** (સી. એમ. જી., એમ. એલ. એ., એમ. એલ. સી.) એ પ્રમુખ સ્થાનેથી બોલતા આફ્રિકાના જુદા જુદા પ્રદેશોના તેમ જ જુદા જુદા દરના હિંદુઓનું પ્રતિનિધિત્વ ધરાવતા આ સંમેલની વિશાળતાને જોઈને ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે—"સમન્વયની ભાવના, વિવિધતાની અંદર રહેલા એકતાનું દર્શન તથા સમીકરણ કરવાની એટલે કે પચાવી લેવાની શક્તિ—ભારતીય સંસ્કૃતિની એ ત્રણ ખાસ વિશેષતા છે. પરંતુ છેલ્લા કેટલાક સમય સુધી ભારતવાસીઓએ પોતાની સંસ્કૃતિની આ વિશિષ્ટતાને વિસરી ગઇ લાગે છે. તેથી કરીને ભારત ભૂમિમાં આવી પડેલી કેટલીક અર્વાચીન સંસ્કૃતિઓને તેઓ પચાવી લેવામાં અસમર્થ જ નીવડ્યા છે અને તેને પરિણામે જ, તેમને અસંખ્ય આપત્તિઓની પરંપરાઓમાંથી પસાર થવા પડયા છે અને છેવટે ભારત વિભાગ રૂપી અસહ્ય અને ઘોરતર વિપત્તિને પણ સાંખી લેવી પડી છે."

**શ્રી અંબાલાલ સાક્ષર, શ્રી રામભાઈ ત્રિવેદી, શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રી, શ્રી એચ. ડી. ત્રિવેદી, શ્રી કે. એન. જાની, સ્વામી પરમાનંદજી, શ્રી નિર્મળાબેન ભટ્ટ** વગેરે વક્તાઓએ ભારતીય ધર્મ તથા સંસ્કૃતિના જુદા જુદા પહેલ ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

**સ્વામી શ્રી અદ્વૈતાનંદજીએ** પોતાના છેલ્લા ભાષણમાં જણાવ્યું હતું કે—"પૂર્વ આફ્રિકાના ભારતવાસીઓ પોતાની સંસ્કૃતિમાંથી વિચ્યૂત થયા નથી. પોતાની સંસ્કૃતિને તેઓ સમજી શકે છે અને તેની કદર પણ તેઓ કરે છે. આ સંમેલનથી એની પ્રતીતિ અમને મળી રહી છે. કોઈપણ જાતિને દુનિયામાં જીવવું હોય તો વ્યકિતગત ચેતના તેમ જ સામાજિક ચેતના એ બન્ને પ્રકારની ચેતનાની તેને જરૂર રહે છે. માત્ર થોડીક વ્યક્તિઓના જીવનની સિદ્ધિને જ એક આખી જાતિની સિદ્ધિ તરીકે ન ગણી શકાય. માત્ર શ્રી ટાગોર, ગાંધીજી કે વિવેકાનંદજીની સિદ્ધિ જ ભારતીય જાતિ માટે પૂરતી નથી. અમે ભારતવાસી માત્ર જ્યારે ભારતીય સંસ્કૃતિના સાચા વારસદારો તરીકે પોતાનો પરિચય આપવાને લાયક બનીશું ત્યારે જ જગતમાં ભારત રાષ્ટ્રની પ્રતિષ્ઠા વધશે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પસાર થયેલા ઠરાવો

( ૧ ) જાતીય ભેદો તથા રંગ ભેદોને ભૂલી જઈને સમગ્ર જગતમાં વાસીઓને વિશ્વ બંધુત્વની ભાવના પેદા કરવા માટે હાકલ કરતા;

( ૨ ) ભારતીય સાંસ્કૃતિક મિશનને પૂર્વ આફ્રિકામાં મોકલવા માટે ભારત સરકારનો આભાર માનતા તેમજ એવા જ મિશનોને અવરનવર આફ્રિકા ખંડમાં મોકલવા માટે વિનંતિ કરતા;

(૩) પૂર્વ આફ્રિકામાં ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના કરવા માટે પૂર્વઆફ્રિકાના ભારતવાસીઓને વિનંતિ કરતા;

( ૪ ) શ્રી. એ. વી. પટેલ, શ્રી એ. પ્રીતમ, શ્રી એસ. જે. અમીન, ડૉ. વી વી. પટવર્ધન તથા શ્રી એન. કે. માલડેને લઈને એવી સંસ્થાની સ્થાપના માટે યોગ્ય પ્રબંધ કરવા એક સમિતિ નીમવાની જાહેરાત કરતા—

પાંચ ઠરાવો આ સંમેલનમાં સર્વાનુમતે પસાર થયા હતા



ભારતીય સંસ્કૃતિ સંમેલનને અંતે "વંદેમાતરમ્" સંગીત ગવાઈ રહ્યું છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## નાઇરોબીમાં શિક્ષણ સંમેલન

તા. ૨૨-૩-૪૯ ને દિવસે નાઇરોબીમાં કચ્છી ગુજરાતી કન્યાશાળાના વિરાટ ચોગાનમાં ભારતીય સંસ્કૃતિ મિશનના આશ્રમ હેઠળ એક શિક્ષણ સંમેલન ભરાયું હતું જેનું પ્રમુખપદ પૂર્વ આફ્રિકાના ભારતીય હાઇ કમિશ્નર શ્રી આપ્પા સાહેબ પંતે લીધું હતું. ભારતીય વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિંણીઓ, શિક્ષકો તેમ જ વાળીઓએ ઘણી મોટી સંખ્યામાં આ સંમેલનમાં ભાગ લીધો હતો.

ગવર્નમેન્ટ ઇન્ડિયન સ્કુલના પ્રિન્સિપલ શ્રી એ. સી. લોબો, ઇસ્ટ આફ્રિકન ગવર્નમેન્ટ એજ્યુકેશન બોર્ડના સદસ્ય ડૉ કે. વી. અદલજા, મિસ એમ. ઇ. ચર્ચીલ તથા સ્વામી અદ્વૈતાનંદજી વગેરે વકતાઓએ "શિક્ષણ" સંબંધે ભાષણો આપ્યાં હતાં.

## નાઇરોબીમાં વિદાયમાન

તા. ૨૩-૩-૪૯ ને દિવસે સંસ્કૃતિ મિશનને વિદાયમાન આપવા માટે નાઇરોબીમાં સ્વાગત સમિતિના આશ્રય હેઠળ પટેલ બ્રધરહુડ હોલમાં એક સભા ભરાઇ હતી જેમાં સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી મેઘજી કે. માલદેએ પ્રમુખપદ લીધું હતું. સ્વાગત સમિતિના મંત્રી શ્રી એસ. કે. સરકારે સંસ્કૃતિ મિશનના કાર્યોનો અહેવાલ રજુ કર્યો હતો. નાઇરોબીની હિંદુ જનતા તરફથી સંસ્કૃતિ મિશનના નેતા સ્વામી શ્રી અદ્વૈતાનંદજીને તથા મિશનના અન્ય સભ્યોને એક માનપત્ર આપવામાં આવ્યો હતો. પંડિત શ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રીએ વાંચી સંભળાવ્યા પછી પ્રમુખશ્રીએ સ્વામીજીના હાથમાં આ માનપત્ર આપ્યો હતો.

## નાઇરોબીકી ભારતીય જનતા કે ઓર સે દીઆ હુઆ માનપત્ર

અખિલ ધર્મશાસ્ત્ર નિષ્ણાત, જ્ઞાનીપ્રવર, વિશ્વવન્દનીય ભારત-સંસ્કૃતિ-વિસ્તારક, સત્યસનાતન હિન્દુધર્મ, યુગધર્મ એવં માનવધર્મ પ્રચારક, પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૮ સ્વામી અદ્વૈતાનન્દજી મહારાજ તથા ઉનકે સાહચર્ય મેં જીવન યાપન કરનેવાલી સન્યાસી તથા બ્રહ્મચારી મંડલી-

૧. નૈરોબી કી સમુચી ધર્મપ્રેમી ભારતીય જનતા કી ઓર સે આપકા અભિનંદન કરતે હુએ હમ આજ ગદ્દગદ પ્રસન્ન હૈં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨. આપ કા પ્રભાવી વ્યક્તિત્વ, તેજસ્વી સ્વરૂપ એવં નિર્ભીક ઓજસ્વિની વાણી કી સ્મૃતિ હમારે હૃદય મેં સદા આપકે વ્યક્તિત્વ તથા કાર્ય કે લિયે આદર કા ભાવ બનાયે રખેગી.

૩. જૈસા કિ ગીતા મેં લિખા હૈ :

"સન્યાસઃ કર્મયોગશ્ચ નિશ્રેયસકરાવુભૌ,
તયોસ્તુ કર્મસન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે."

અર્થાત્ સન્યાસ તથા કર્મયોગ દોનોં હી શ્રેષ્ઠ હૈ, પરન્તુ કર્મયોગ વિશેષતયા શ્રેષ્ઠ હૈ. ઇસી કે અનુસાર આપ ન કેવલ સંન્યાસી કા જીવન વિતા રહે હૈં બલ્કિ એક સચ્ચે કર્મયોગી ભી હૈં, આપ સચમુચ ઉન ઋષિયોં મેં સે હો જિનકા વિશ્વાસ થા 'શાપાદપિ શરાદપિ' ઔર ઇસી-લિયે આપ ક્ષાત્ર તેજ તથા બ્રહ્મ તેજ દોનો કા સંચાર જાતિ મેં કરના ચાહતે હૈં.

૪. આપ કા કાર્ય નિઃસંદેહ ભારતીય જનતા મેં ઉજ્જવલ જીવન કા સંચાર કર દેને વાલા હૈં, સામ્પ્રદાયિકતા એવં સંકીર્ણતા સે અછૂતા હોને કે કારણ વહ માનવમાત્ર કા કલ્યાણકારી હૈં.

૫. યુગાચાર્ય શ્રી સ્વામી પ્રણવાનન્દજી મહારાજ દ્વારા સ્થાપિત ભારત સેવાશ્રમ સંઘ કી બહુમુખી પ્રવૃત્તિયો સે ભારતીય જનતા ભલી ભાતિ પરિચિત હૈ, વહ સવ પ્રવૃત્તિયાં અત્યન્ત પવિત્ર ધ્યેયાંકિત હોને કે કારણ પૂર્ણતયા રાષ્ટ્રોપયોગી હૈં. આપ ઉન્હોં કો અપના કાર્યક્ષેત્ર બના કર ન કેવલ હિંદુ જનતા કો પ્રગતિ પુરઃસર બના રહે હૈ બલ્કિ ઉસ મેં સમૂચે ભારત રાષ્ટ્ર કા ગૌરવ છિપા હુઆ હૈ.

૬. જહાં ભારતીય સરકારદ્વારા પ્રેષિત રાજદૂત દેશદેશાંતરોં મેં જાકર નવજાગૃત ભારત કા રાજનૈતિક ગૌરવ બઢા રહે હૈં વહાં સચ્ચી સેવા કા વ્રત લેનેવાલી આપ કી મંડલી વિદેશાં મેં ફૈલી હુઈ ભારતીય જનતા કો અપના ઉપદેશામૃત પિલા કર ઉન મેં ભારતીય સભ્યતા એવં સંસ્કૃતિ તથા આધ્યાત્મિક જાગૃતિ પૈદા કર કે ભારત કા નામ ઉજ્જવલ કર રહી હૈ. આપ કા યહ કાર્ય અત્યંત પ્રશંસનીય હૈ!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૭. ભારતીય સંસ્કૃતિ કી રક્ષા કે લીયે એવં નવપ્રાપ્ત ભારતીય સ્વતંત્રતા કો ચિરંજીવી બનાને કે લીયે શક્તિશાલી સંગઠન, વિશેષતયા હિંદુ સંગઠન પરમાવશ્યક સાધન હૈ! ઇસી કો મધ્યબિંદુ બનાકર આપ ભારત સરકાર કી જો સહાયતા કર રહે હૈ ઉસ કે લિયે આપ કા સંઘ હમ જૈસે પ્રવાસી ભારતીયોં કે ધન્યવાદ કા પાત્ર હૈ!

૮. અંત મેં આપ સે ઇસ બાત કે લિએ ક્ષમા યાચના કરતે હૈં કિ ભૌતિક જીવન મેં અધિક સંલગ્ન હોને કે કારણ ઇધર કી જનતા આપ કી ઉપસ્થિતિ કા પૂરા લાભ નહીં ઉઠા શકી! ફિર ભી હમ ઇસ બાત પર અપના સંતોષ એવં હર્ષ પ્રગટ કરતે હૈં કિ હમ લોગોં ને યથાશક્ત આપ કે સંઘ કે પ્રતિ અપના કર્તવ્ય પાલન કિયા હૈ! આપ કે પ્રતિ અપના હાર્દિક આભાર પ્રગટ કરતે હુએ હમ હૈં આપ કી

દિનાંક — ધર્મપ્રેમી ભારતીય જનતા,

૨૩ માર્ચ, ૧૯૪૯. — નૈરોબી.

## નાઇરોબીની આર્યપુત્રીઓ તરફથી અપાયેલો માનપત્ર

સ્વામી શ્રી અદ્વૈતાનંદજી અને જનસેવાના ભેખધારી મહાયોગીઓ,

આજે અમારા ભારતવર્ષના આર્ય તપસ્વીઓનું સ્વાગત કરતાં અમને મહાન આનંદ થાય છે, ને અમારી જાતને અમે ધન્ય માનીએ છીએ.

આર્યાવર્તથી દૂર દૂર આવી વસેલી આપણી આર્યપુત્રીઓમાં આપ પ્રેરણા, ઉત્સાહ ને ચેતના જગાવી અમને આર્યાવર્તની સનાતન, સુન્દર, સત્ય સ્ત્રી જીવનનાં દર્શન કરાવી રહ્યા છો તે માટે અમો આપના ઋણી છીએ. પૂર્વ આફ્રિકાનું અમારૂં સ્ત્રી જીવન અત્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિના અસત્ય વહેણમાં ધસડાઈ જઇ વિનિપાતને માર્ગે જઇ રહ્યું છે. આપની અમોઘ દિવ્ય શક્તિ વડે આપ અમારા એ જીવન ઉન્નતિના પથે વાળી રહ્યા છો. આ અંધારખંડમાં આપ આપના જ્ઞાનદીપથી અજવાળાં ફેલાવી રહ્યા છો આપની વક્તૃત્વપ્રભાથી અમારામાં જાગૃતિના આંદોલનો જગાડી અમારા આત્માને ઉજ્જવલિત કરી રહ્યા છો. ઇતિહાસના કથનની સત્યતા અનુસાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આર્ય સંસ્કૃતિને સંરક્ષી રાખનાર અને તે ભાવનાને પોષનાર જો કોઇ હોય તો તે આર્ય સન્નારી જ છે. પરંતુ અમારા દુર્ભાગ્યે આ સત્યને અમે વિસરી ગયાં છીએ. આપ અમારી એ સુષુપ્ત ભાવનાને પુનઃ જાગૃત કરી અમને અમારો સાચો રાહ બતાવી રહ્યા છો.

નૈરોબીની હિન્દી જનતાને આપે આપનાં વ્યાખ્યનો દ્વારા આપણી જૂની આર્ય સંસ્કૃતિનાં પિયુષ પાયાં છે. આપના નૈરોબીમાં સુભાગમનથી અહીંનું સમગ્ર વાતાવરણ આર્ય સંસ્કૃતિની મીઠી, શીળી મહેકથી પ્રફુલ્લીત બની મધમધી ઉઠયું છે.

થોડા વર્ષો પહેલાં પરમપૂજ્ય સ્વામીશ્રી વિવેકાનંદે અમેરિકા જઇને આપણા ધર્મમાં રહેલી સુંદર ભાવનાને ત્યાંની જનતા સમક્ષ વહેતી મુકી હતી. જગતની સર્વધર્મની પરિષદમાં આ આર્ય ભેખધારી તપસ્વીએ આપણો ઝંડો ફરકાવ્યો હતો. આજે આપ તેવી જ રીતે દરિયાપારનાં સંસ્થાનોમાં ઘૂમીને હિંદી સંકૃતિની રસલહાણ કરાવી રહ્યા છો તે ખરેખર પ્રશંસનીય છે, સુગ્રહણીય છે.

આપ અને આપના જેવા પૂજનીય સંન્યાસીઓ વારંવાર પરદેશમાં વસતાં નિજસંસ્કૃતિ ભુલ્યાં માભોમનાં બાળકોને તેમની સંસ્કૃતિનું ભાન કરાવે—અને આપણી સંસ્કૃતિનો ઝંડો જગતભરમાં ફરકાવે.

આપનાં પુનિત પગલાંથી નૈરોબા શહેર, નૈરોબીની હિન્દી જનતા પાવન થઇ રહી છે એમ કહેવું એ કેવળ આડંબર છે. પૂર્વ આફ્રિકાના નૈરોબી શહેરની સ્ત્રી સમાજ આજે આપને મનસા–વાચા–કર્મણા શક્તિ અનુસાર શ્રદ્ધા ભક્તિ ને પ્રેમ આદરથી આપની પૂજા કરી રહી છે. અમારૂં આ ભક્તિનું ભાવભર્યું સ્થૂળ પ્રતીક આપના ચરણોમાં અર્પણ કરીએ છીએ. આપ તે સ્વીકારી એમોને કૃતકૃત્ય કરશો.

અમે છીએ.

આર્ય સન્નારીનો આદર્શ ઝીલનાર નૈરોબીની આર્યપુત્રીઓઃ—

**લલિતાબેન દેસાઈ, મણિબેન પટેલ, લક્ષ્મીબેન જનાની, મુકતાબેન પી. લાલ, મણિબેન રાડીયા, જયાબેન.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા • ભાવનગર •

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com